# પોત અને પ્રતિભા

– અર્જુનદેવ ગોપાણી

“ઝાડનાં પારખાં ફળ પરથી” શ્રેણી : ૨૩

લોકભારતી પ્રકાશન – સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૩

# પોત અને પ્રતિભા

લેખક : અર્જુનદેવ ગોપાણી

: સંપાદન :

મોહનભાઈ દાંડીકર

પ્રવીણભાઈ શાહ

**લોકભારતી પ્રકાશન**

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત. **(India)**

**પ્રકાશક :**

**નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.**

**આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩ / ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬**

## અનુક્રમ

ઉપહાર ... 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ... 5

પિતાજીનો સંસ્કાર–વારસો : ... 7

માલપરા લોકશાળામાં સહેતુક પ્રવેશ : ... 9

શાહપુર સર્વોદય આશ્રમ (લોકશાળા)માં : ... 11

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં : ... 13

લોકભારતીમાં પ્રવેશ : ... 15


વ્યાવસાયિક ક્ષેત્રનો આરંભ : ... 18

ક્લાસ –૧ અધિકારી તરીકે : ... 21

ખાટામીઠા અનુભવો : ... 23

આમીન ... 32

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ

લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*****ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પિતાજીનો સંસ્કાર-વારસો :

લોકો આઝાદીનો સૂરજ ઊગવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. ભાવનગર જેવા દેશી રાજ્યના મહારાજા આગમનાં એંધાણ પારખી ચૂક્યા હતા. ભાવનગર રાજ્યમાં પ્રજાપરિષદની સ્થાપના થઈ ચૂકી હતી.

એ સમયે મારા પિતાશ્રીની યુવાની ; કોઈનીય શેહશરમ ન રાખીને ગમે તેને સાચું કહી દેવાનો એમનો મિજાજ. એમની એ લાક્ષણિકતા. બહુ ભણ્યાગણ્યા ન હતા. પણ કોઠાસૂઝ ઘણી. ભાવનગર રાજ્યની પ્રજાપરિષદમાં એ વિરોધપક્ષમાં હતા. રાજ્યના વહીવટની સ્પષ્ટ શબ્દોમાં આકરી ટીકાઓ કરતા હતા.

આવા વ્યક્તિત્વનો પ્રભાવ પામી ગયા હોય તેમ તે સમયના ભાવનગર રાજ્યના ખ્યાતનામ મુત્સદ્દી સર અનંતરાય પટ્ટણીની નજરમાં ચઢી ગયા. એમણે મારા પિતાશ્રીને કહેણ મોકલ્યું : "તમે મને મળજો."

પિતાશ્રી તેમને મળવા ગયા પણ ખરા. રાજમહેલના દીવાનખંડમાં સર અનંતરાય પટ્ટણીના પ્રભાવશાળી વ્યક્તિત્વની અસરમાં આવ્યા વિના એમને મળ્યા.

ઔપચારિક વાતચીત પછી મુદ્દાની વાત આવી. મુત્સદ્દી દીવાનની આંખોમાં ચમક આવી ગઈ . પિતાજીની નજર બહાર કશુંય નહોય તેમ એ સ્વસ્થ બની ગયા.

પિતાજીના ખભા પર હાથ મૂકીને ચતુર રાજપુરુષે અત્યંત મીઠાશથી સલાહ આપતાં કહ્યું : "પટેલ, આ બધું છોડી દો. વિરોધ પક્ષમાંથી ખસી જાવ. હું કહું તેમ કરો. બદલામાં તમારે જે કાંઈ જોઈએ તે માંગી લો. જમીન, જાગીર, સંપત્તિ.... જરાયે સંકોચ રાખશો નહિ."

થોડો સમય બહાર બેસી એમણે નિશ્ચય કરી લીધો. "દેવાવાળો તો હજાર હાથવાળો બેઠો છે . માણસ માણસને શું આપી દેવાનો છે ? પ્રજાની સેવા કરવામાં લેવાની વાત આવે જ નહિ."

એ વિચારની ગાંઠ વાળીને પિતાજી ત્યાંથી ચાલી નીકળ્યા. જાણે પ્રજા – સેવાનો ભેખ લીધો હોય તેમ એમણે જિંદગીભર રતિભાર સ્વાર્થ વિના અડગ મનોબળ વડે લોકોની થાય તેટલી સેવા કરી. પરિણામે ૧૭૦ વીઘા જમીન ધરાવનાર ખાતેદાર ખેડૂત એમના મૃત્યુ સમયે મોટી રકમના દેવાદાર હતા! આવી હતી એમની લોકનિષ્ઠા. એવા કર્તવ્યપરાયણ પિતાના સંતાન હોવાનું મારે મન અત્યંત ગૌરવ છે. એમના જીવનમાં આવા અનેક પ્રસંગોમાંથી જે પ્રેરણા મળી છે એને લીધે જ્યાં જ્યાં અન્યાય ,અનાચાર થતો લાગે ત્યાં ત્યાં તેનો સામનો કરવામાં થાક લાગતો નથી. પીછે હઠ કરી નથી.

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં કાળુભારને કાંઠે આવેલું ચોગઠ મારું ગામ છે. ગામ મારું વ્હાલું વતન. એક મોભાદાર ખેડૂત કુટુંબનું હું સંતાન. પિતાજી છગનભાઈ પટેલ ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર , મુંબઈ અને ગુજરાત રાજ્યના ધારાસભ્ય હતા. ભાવનગર રાજ્યમાં ૧૯૪૬માં પ્રજા પરિષદ હતી તે વેળા તેઓ વિરોધપક્ષમાં હતા.

કર્તવ્યનિષ્ઠાયુક્ત પ્રકૃતિ અને સિદ્ધાંતોમાં ક્યારેય બાંધછોડ ન કરનાર અણિશુદ્ધ પ્રામાણિક , સાદગીભર્યું જીવન જીવનાર , ખુમારીભર્યાં અને નિખાલસ છતાં ય કડક વ્યક્તિત્વ ધરાવનાર , ઋજુ સ્વભાવના એ ધરતીપુત્રનું હું સંતાન .... અર્જુનદેવ છગનલાલ ગોધાણી.

ખેડૂત હોવાને લીધે શ્રમ, સાદગી અને સરળતા જેવા ગળથૂથીમાં મળેલા સંસ્કારોમાં આળોટતાં , રમતાં હું નિશાળે જવા જેવડો થયો. છેક બચપણથી આજ સુધી પરિણામલક્ષી દૃષ્ટિ. ખેડૂતના જીવનમાં 'વાવવું તેવું લણવું' એ ઉક્તિ આપોઆપ ચરિતાર્થ થતી હોય છે.

હું નિશાળે જવા માંડ્યો એ સમયે અમારું ગામ ૧૮૦૦ જેટલી વસતીવાળું ગામ હતું. મુખ્યત્વે પટેલોની વસતી. ગામમાં એક પ્રાથમિકશાળા અને એક પ્રાથમિક કન્યાશાળા હતી. ૧થી ૪ સુધીનું ભણતર ચોગઠમાં જ પૂરું કર્યું. સાત ધોરણ સુધી ભણવાની સગવડ ગામમાં હતી. પણ પિતાશ્રી કંઈક જુદું જ વિચારતા હશે. એમણે મને વાત્સલ્યધામ માલપરા લોકશાળામાં ભણવા મૂક્યો.

ચોગઠથી ઉમરાળા ૬ કિ.મિ. ગાડામાં. ત્યાંથી રેલવેમાં ધોળાથી ઢસા થઈ માલપરા જવાનું થયું ત્યારે જિંદગીમાં પહેલી વાર રેલગાડીનાં દર્શન થયાં. એ સફરનો રોમાંચ અવિસ્મરણીય રહ્યો છે.

## માલપરા લોકશાળામાં સહેતુક પ્રવેશ :

માલપરા લોકશાળામાં પૂ. નાનાભાઈ ભટ્ટના શિષ્ય મુરબ્બીશ્રી દુલેરાય માટલિયા સંચાલક હતા. એમના પર નાનાભાઈ ભટ્ટની જબરી અસર. પોતે પણ કર્તવ્યપરાયણ અને સંનિષ્ઠ. ઘર છોડીને , ત્યાગ ભાવનાથી લોકસેવા , ગ્રામોદ્ધારપોષક વાતાવરણમાં આવેલા. ગ્રામ નેતાગીરીનું શિક્ષણ આપવા માટે નાનાભાઈએ સૌરાષ્ટ્રમાં એક નાનકડું જૂથ તૈયાર કરેલું. શ્રી દુલેરાય માટલિયા એ જૂથમાંના એક હતા. પિતાશ્રીએ આવા વિચારશીલ ગ્રામપ્રેમી પાસે જીવનશિક્ષણના પાઠોનું પઠન કરવા મને વાત્સલ્યધામ , માલપરા મોકલ્યો હતો. ઘર-કુટુંબ અને ચોગઠનાં મોહ-મમતાથી વેગળો કરવાના આશય પાછળ પિતાશ્રીની દીર્ઘદૃષ્ટિ કેવી હશે તેનો ખ્યાલ આજે આવે છે.

ગામડાંનાં બાળકો ગ્રામજીવનની રજકણોમાં આળોટતાં-ખેલતાં ગ્રામોત્કર્ષની કલ્પનાને સાકાર કરે ગામડાંમાં જાગૃતિ લાવે અને ગામડાંને બેઠાં કરે , તેવી ગ્રામાભિમુખ કેળવણીના–વિચારસરણીના-પાયાના પથ્થરોને ઘડવા માટેની જે વાત નાનાભાઈના મનમાં સતત ઘોળાયા કરતી હતી , તેને મૂર્તિમંત કરવા, ખરા અર્થમાં જીવન અને શિક્ષણના પાઠો ભણાવતી, માલપરાની લોકશાળાનાં સંચાલક મુરબ્બીશ્રી દુલેરાય માટલિયા મારા પ્રથમ ગુરુ.

ઘર, કુટુંબ અને વતનથી થોડે દૂર પિતાશ્રીની વિચારસરણીને અનુરૂપ એવી કેળવણી પ્રાપ્ત કરવા ગયો તો ખરો, પરંતુ પ્રારંભમાં ઠીક ઠીક મુશ્કેલીઓ અનુભવવી પડી.

ખેડૂતનું સંતાન હોવા છતાંય મેં ઘરે કામ કર્યું ન હતું. પ્રકૃતિથી શરમાળ અને ઋજુ છોકરો હું ગણાતો હતો. ભણવા ઉપરાંત અહીં દરરોજ ત્રણ કલાકનો શ્રમ કરવો પડતો. ખેતીકામ , ગોપાલન અને રસોઈ ઇત્યાદિ, દરેક વિદ્યાર્થી માટે દૈનિક ફરજ હતી. શ્રમકાર્યમાં મારે મિત્રોની મદદ લેવી પડતી હતી. મિત્રો હોંશભેર મદદ કરતા પણ હતા. કોઈ કોઈ વાર તો મારાં કપડાં પણ ધોઈ દેતા હતા. પરંતુ ધીરે ધીરે રસોઈ, ખેતીકામ, લાણી, વાઢણી, પાણી ભરવું, સફાઈકામ વગેરે કરતો થઈ ગયો. કામ ન કરવાની સૂગ જેવું ન રહ્યું.

છાત્રાલયમાં અમે પંદરેક જેટલા વિદ્યાર્થીઓ હતા. એ સમયે છાત્રાલયનું લવાજમ ઘણાને વધારે પડતું લાગતું હતું. મારે એવી કોઈ મુશ્કેલી ન હતી. અડધી માફી અને પૂરેપૂરી ફી. એમાં પૂરેપૂરી ફી એટલે કે પૂરું લવાજમ ભરનારા ત્રણ વિદ્યાર્થીઓ પૈકી હું એક હતો. પણ સંસ્થા તો સૌને સમાન નજરે જ જોતી હતી. પૂરેપૂરું લવાજમ ભરનારને કોઈ વિશેષ સગવડો ન મળતી. એ સૌથી વધુ ગમી જાય તેવી વાત હતી.

માલપરાની લોકશાળા એટલે સીધું સાદું ત્રણ ઓરડાનું એક મકાન. એક મોટો ઓરડો અને બે નાના ઓરડા. તેમાં જ છાત્રાલય , રસોડું, કોઠાર, વર્ગખંડ, સભાખંડ બધું જ આવી જાય. બે ગાયો વાળી નાનકડી ગૌશાળા પણ ખરી.

સ્ત્રીઓની જેમ માથે પાણીની હેલ મૂકીને પાણી ભરતાં માલપરાની લોકશાળાના વિદ્યાર્થીઓને જરીયે સંકોચ ન થતો. મેં પણ માથે હેલ મૂકીને કે બળદ વિનાનો એક્કો જાતે ખેંચીને પાણી ભર્યું છે. જાતે કામ કર્યાનો આનંદ અને તૃપ્તિ કંઈ ઓર જ હોય છે!

રહેવામાં સાદગી, શ્રમકાર્યમાં ખડતલપણું, અભ્યાસમાં ચીવટ, ભોજનમાં આરોગ્ય અને શરીરને પોષક ખોરાક તથા સમૂહજીવન અને સમાનતા એ માલપરા લોકશાળાની આગવી ઓળખ હતી.

પ્રારંભમાં અને ખાસ કરીને ભોજનની બાબતમાં મુશ્કેલી નડી. કારણ કે ઘરે હતો ત્યાં સુધી હું ફક્ત બાજરાનો રોટલો, દૂધ અને ગોળ જ ખાતો હતો. શાક કોઈ પણ પ્રકારનું ભાવે જ નહિ. શાક ખાતાં હું શીખ્યો જ નહોતો એમ કહું તો પણ ચાલે. આજે પણ ગોળ , દૂધ અને બાજરાનો રોટલો કે બરાબર શેકાયેલી ભાખરી મળી જાય તો મેવા- મીઠાઈ મળ્યાં હોય એટલા સંતોષથી આનંદથી આરોગું.

માલપરામાં શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવવા ઉપરાંત તેની સાથે જ શ્રમકાર્ય કરતા. સાથે જ રહેતા, સૂતા, બેસતા, રમતા. સવાર સાંજ દરેક બાબતમાં શિક્ષકો સાથે સતત સંપર્કમાં રહેવાનું બનતું. એથી એમની રહેણીકરણીની અને જીવનદૃષ્ટિની ઊંડી અસર વિદ્યાર્થીઓ પર થતી. જીવનને સાદગી અને પરસ્પરના સ્નેહભાવથી હર્યુંભર્યું કેમ બનાવવું તેની પ્રત્યક્ષ તાલીમ અમને મળી છે. પરસ્પરનાં વ્યવહારવર્તન દ્વારા જે પાઠો અમે ભણ્યા છીએ તેને કારણે , વૈભવ અને સમૃદ્ધિ પ્રત્યે કોઈ વિશેષ મોહ કે વળગણથી દૂર રહેવાની પ્રેરણા અનાયાસે અમને મળી છે. એ હકીકતનો ઋણસ્વીકાર કરવો જ પડે.

મુ.શ્રી માટલિયાભાઈ ભારે હિંમતવાળા , સાહસિક. બહારવટિયાથી બીવે નહિ , એ વાત એમણે જીવા નામના એક માથાભારે શખ્સનાં અસામાજિક કૃત્યોનો સામનો કરીને શીખવી હતી. માણસે બીવાનું હોય તો બહારવટિયા કરતાં અંદરવટિયાથી એટલે કે અહંથી એ વાત માલપરાથી મનમાં દૃઢ થઈ ગઈ છે. તે વાત આજે પણ જીવનના અનેક પ્રસંગોએ દીવાદાંડીરૂપ બની રહે છે.

નાટકો, સાંસ્કૃતિક કાર્યક્રમો , રમતગમતો, મેળાવડાઓ અને લોકઉત્સવોમાંથી જીવનનું ભાથું મળ્યું. સાહસિક વૃત્તિનું સંમાર્જન થતું ગયું. શરીર પ્રત્યેનો બિનજરૂરી મોહ ઓછો થયો. શરીર પાસેથી કોઈ પણ વિકટ પરિસ્થિતિમાંથી લેવાય તેટલું કામ લેવાની પ્રેરણા મળી. શિયાળાની કડકડતી ઠંડીમાં રસોડામાં દાઝી ગયેલ ખીચડીનાં તપેલાં અને વાસણો બાજુની વાડીના કૂવા પર જઈને સાફ કરતાં કે વહેલી સવારે ઊઠીને નહાવાધોવા જવામાં કદી આળસ કે આનાકાની ન થાય એવું શરીરબળ અને મનોબળ માલપરાએ કેળવ્યું છે.

તેમ છતાં ખોરાકની આદતમાં સંપૂર્ણપણે સુધારો ન થયો. કોઈ કોઈ વાર માટલિયાભાઈને ઘરે જઈને મનગમતું ભોજન લઈ આવતો. શાક ખાવાની ટેવ પણ એમણે જ ધીમે ધીમે પાડી. એમને ઘરે જતો ત્યારે પૂ. બહેન ખૂબ જ ભાવથી ઘરનું ભોજન ખવડાવતાં. એમના ઘરે જવાનું થાય ત્યારે મારે ઘરે જઈને પાછો ફર્યો હોઉં તેટલો આનંદ થતો. અનેરો જુસ્સો રોમરોમમાં વ્યાપી જતો. એ દિવસો ક્યારેય વીસરી શકાય તેમ નથી.

## શાહપુર સર્વોદય આશ્રમ (લોકશાળા)માં :

સમસ્ત માલપરા ગામને પોતાનો પરિવાર માનીને માટલિયાભાઈ નાનાંમોટાં સૌનાં સુખદુ:ખમાં સહભાગી બનતા. માનવ માત્ર માટે હૂંફાળી લાગણી અને સંવેદનાના તાણાવાણાથી એકરૂપ થયેલા. સાદું , સંયમી અને પરિશ્રમી જીવન કેવું હોઈ શકે તેની સમજ મને એમના પરિચયમાંથી મળી છે. પોતાના આચરણ દ્વારા, શિક્ષકના અંત:સ્તલમાંથી સ્ફૂરતી કરુણા અને વાત્સલ્ય વડે વિદ્યાર્થીની કાયાપલટ કેવી રીતે થઈ શકે, તેના પ્રત્યક્ષ પાઠો માલપરામાંથી મળ્યા છે.

એ પછી આગળના અભ્યાસ માટે સર્વોદય આશ્રમ શાહપુર , જિ. જૂનાગઢમાં દાખલ થયો. શાહપુરમાં એક વરસ રહ્યો. અકબરભાઈ નાગોરી અને મદીનાબહેન તથા ઇસ્માઇલ દાદાની દેખરેખ હેઠળ સાદગી અને પરિશ્રમવાળું શાહપુરનું આશ્રમી વાતાવરણ પણ આકરું ન લાગ્યું.

શાહપુરમાં આશ્રમીજીવન હતું. ખેતીકામ અને બાગાયત જેવી પ્રવૃત્તિઓ અભ્યાસની સાથે હતી. કારણ ખોતરી ખોતરીને શોધું છું, છતાં આજ સુધી મળ્યું નથી. એટલે એકરાર કરું છું કે ત્યાં હું મન વિનાનું જીવન જીવ્યો. એમાં સંસ્થાના વાતાવરણનો કે કોઈનો દોષ હતો એમ હું આજેય માનતો નથી. કદાચ માલપરાની જે અમીટ છબી મન-મગજ પર અંકિત થઈ ગયેલી હતી, તેની અસરમાંથી હું બહાર ન આવી શક્યો હોઉં એમ બને. જે હોય તે , સર્વોદય આશ્રમ શાહપુરના અભ્યાસકાળ દરમિયાન સોરઠની સોહામણી લીલી કુંજાર પ્રકૃતિથી હું જરૂર આકર્ષાયો છું. સોરઠને ખૂણેખૂણે નાનામોટા પ્રવાસો કરીને ફર્યો છું. ઇસ્માઇલદાદાના વટવૃક્ષ જેવા ઘટાદાર વ્યક્તિત્વથી સોરઠની ધરાના સ્નેહને તાંતણે બંધાયો છું. ગરવા ગિરનારની ગોદને અને એની કંદરાઓને ખૂંદી વળવાની અદમ્ય અભીપ્સા આજેય એટલી તીવ્ર રહી છે.

ખોરાકની મારી ટેવમાં કોઈ સુધારો થાવા ન પામ્યો. એટલે શાહપુરના અભ્યાસકાળ દરમિયાન થોડી મુશ્કેલી વેઠવી પડી. કારણ કે અહીં ભોજનમાં કોઈ અપવાદ શક્ય ન હતો. એટલે મોટે ભાગે કેવળ રોટલા અને છાશથી ચલાવી લેવું પડતું. અહીં ઘરનો નાસ્તો લાવીને ખાવાની મનાઈ હતી. રવિવારે બહાર જવાની છૂટ મળતી ત્યારે કાચાં જામફળ , કેળાં કે અન્ય ફળો આરોગી લેતો. આમ શાહપુરનું એક વર્ષ ભોજનતિતિક્ષાનું વરસ નીવડયું.

જોકે તે પછીનાં વર્ષોમાં ભૂદાન પ્રવૃત્તિ , ગ્રામોદ્ધાર અને લોકસેવાનાં કામમાં જીવન સમર્પણ કરનાર કેટલાક કાર્યકરોનાં વ્યાખ્યાનોએ મારા મન પર ખૂબ સારી અસર કરી છે. તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

શાહપુર આશ્રમમાં મારી સાથે ભણતા વિદ્યાર્થીઓ કરતાં હું તેલ સાબુ ઈત્યાદિ વસ્તુઓમાં વધારે ખર્ચ કરતો હતો. મારી સાથે રહેતા એક વિદ્યાર્થી મિત્રને લવાજમ માટે પૈસાની જરૂર પડી. પૈસા વિના એ આગળ અભ્યાસ ચાલુ ન રાખી શકે એવી સ્થિતિ હતી. એ મિત્રને આર્થિક સહાય મળે તે માટે મેં પિતાજીને વાત કરી.

પિતાજી તો થોડી વાર મારા તરફ ગંભીરતાથી જોઈ રહ્યા. એ શું કહેશે ? પૈસા આપવાની ના પાડી દેશે કે શું ? એવા મનોભાવ સાથે એમની આંખ સામે આંખ ન મિલાવી શક્યો. નીચે નજરે પગના અંગૂઠા વડે ધરતી ખોતરવાનો વ્યર્થ પ્રયાસ કરતો રહ્યો. એ જ ક્ષણે મારી મનોવ્યથા પારખી ગયા હોય તેમ એમણે જરૂરી એવી રકમ મારા હાથમાં મૂકવાની સાથે ટકોર કરી - “ભાઈ , આજે તો ઠેક છે પણ જવાબદારી હમેશાં સમજીને લેવી.”

આ નાનકડી ઘટના મારા કિશોરમન પર ઊંડી અસર કરી ગઈ. પરંતુ ‘જવાબદારી’નો મર્મ સમજાય તેવડો થયો ત્યારથી પિતાજીની એ ટકોર યાદ કરીને એમને મનોમન વંદના કરતો રહ્યો છું.

આમ જોતજોતામાં શાહપુરનું એક વર્ષ વીતી ગયું.

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં :

આગળના અભ્યાસ માટે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા જવાનું થયું. ફરી માલપરાની સ્મૃતિઓ તાજી થઈ. આંબલામાં કેળવણીની યાત્રા આગળ વધવા માંડી એની સાથે સાથે જીવનયાત્રાની પગદંડી પર એક પછી એક કદમ માંડવા લાગ્યો. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા એટલે નાનાભાઈના તપસ્વી જીવનની જીવતી જાગતી ગાથા. ગ્રામોદ્ધારની કેળવણી માટેની કર્મભૂમિ. ઉત્તર બુનિયાદી શિક્ષણ માટે બે વરસ ભણવાનું હતું. સંસ્થાનું કુદરતી વાતાવરણ પ્રથમ દર્શને જ સ્પર્શી ગયું. ગમી ગયું.

આંબલાના અભ્યાસકાળ દરમિયાન અનેકવિધ પ્રવૃત્તિઓમાં ગૂંથાઈ જવાનું થયું. આમ તો હું મધ્યમકક્ષાનો વિદ્યાર્થી ગણાતો. શરમાળ પ્રકૃતિને લીધે પણ પ્રવૃત્તિમાં સામે ચાલીને નેતાગીરી ઝડપી લેવાનો પ્રયાસ કદી કર્યો નથી. એમ કરવાની મનમાં ઇચ્છા તો થાય. પણ સંકોચશીલ સ્વભાવ ઘણી વાર અવરોધક બની જતો. સમૂહમાં કે પ્રાર્થનાસભામાં કે કોઈ વાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં અથવા વર્ગખંડમાંય હું અકારણ સંકોચ અનુભવતો. પરંતુ આંબલાના સહૃદયી અને સતત પ્રવૃત્તિશીલ વાતાવરણમાં જેમ જેમ સમય પસાર થવા માંડ્યો તેમ તેમ એમાં થોડુંઘણું પરિવર્તન આવ્યું ખરું , તો પણ છાતી કાઢીને મોટેથી બોલતાં કે આગેવાની આપોઆપ સ્વીકારી કે છીનવી લેતાં ન આવડ્યું ! ન જ આવડ્યું !!

વેપારીઓને પોતાની દુકાનમાં કઈ ચીજ ક્યાં પડી છે ? કેટલી છે? કેટલી ખરીદી હતી? એમાંથી કેટલી વેચાઈ? એ બધું એમને કેમ યાદ રહેતું હશે ? એ જાણવાની જિજ્ઞાસા ન જાણે ક્યાંથી મનમાં પેસી ગઈ હતી. એની તૃપ્તિ ખાતર કોઈ વેપારીને વેપાર કરતાં , વસ્તુ જોખતાં, કાઢતાં કે પૈસાની લેતીદેતી કરતાં જોવા, સમય મળે એની દુકાને જઈ ચઢતો. મીટ માંડીને ક્યાંય સુધી અવલોકન કર્યા કરતો. પરંતુ મારી શરમાળ પ્રકૃત્તિને લીધે મારી કોઈ પણ જિજ્ઞાસાને મીઠો આવકાર ન મળ્યો. એટલે આંબલામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં મેં કોઠારનું કામ પસંદ કર્યું. મારા શ્રમકાર્ય તરીકે મને કોઠારનું કામ મળ્યું પણ ખરું. કોઠારના શ્રમકાર્યમાં અનાજની વ્યવસ્થા , જાળવણી, સફાઈ તેમજ વિતરણની તાલીમ આપોઆપ મળી ગઈ. કોઈ પણ જાતના બગાડ કે નુકસાન વિના અનાજની હેરફેર કેમ કરવી તેની જાણકારી પ્રાપ્ત થવા માંડી. કોઠાર સુધી અનાજની પાંચ મણની ગૂણ ઉપાડવાની હોંશમાં ને હોંશમાં કમર પર એની માઠી અસર થઈ. કમરની પીડા કાયમી બની ગઈ. આંબલાના શ્રમકાર્યનાં રૂડાં સંભારણાં તરીકે તેને શરીરમાં સાચવીને બેઠો છું; પ્રેમથી સાચવીને બેઠો છું.

શ્રમકાર્યરૂપે બે માસ તેલઘાણી પર પણ બેઠો છું. રોજની બે ઘાણી હું કાઢતો. ઘાણીના બળદને ખવડાવવા-પીવડાવવાની જવાબદારી પણ રહેતી. બળદની સારસંભાળ ઉપરાંત એને ઘાણીએ જોતરવા-છોડવાની કામગીરી પણ રહેતી. ઘાણી પીલવાનું કામ કરવાની જે મજા આવતી , એમાં જે આનંદની અનુભૂતિ થતી તે અવર્ણનીય હતી.

ગોળગોળ ફર્યા કરતો, ઘાણી પીલતો બળદ, ફરીફરીને એક જ જગ્યાએ આવે છે. છતાંય એની પ્રત્યેક પરિક્રમા દ્વારા કશીક પ્રગતિ કે કાર્યસિદ્ધિ અવશ્ય પ્રાપ્ત કરે છે. કોઈએ માનવીને ઘાણીના બળદ સાથે સરખાવ્યો છે. પણ ઘાણી પીલતો બળદ મિથ્યાભિમાની મનુષ્ય કરતાં અનેકગણો કાર્યસિદ્ધ અને

પ્રગતિશીલ છે એવો મનોભાવ કેળવાયો છે. ઘાણી પીલતાં પીલતાં ક્યારેક હું જિંદગીની ફિલસૂફીના વિચાર–વમળમાં પેલા બળદની માફક ચકરાવે ચઢી જતો. ત્યારે જિંદગીમાં કોઈ પણ કામ કરવાનું આવે તો કાર્યસિદ્ધિ માટે સતત પ્રવૃત્તિશીલ બની રહેવું , સાથે પૂરી ચોકસાઈ પણ રાખવી , એવી કલ્પના મનમંદિરમાં સ્થિર થઈ ગઈ છે. જે જિંદગીની કપરી વાસ્તવિકતાના પ્રસંગોએ માર્ગદર્શક બની રહે છે.

આંબલામાં સંસ્થાના રોજિંદા વપરાશ માટે વહેલી પરોઢે બીડમાં જઈને દૂધ લાવવાનું કામ પણ રહેતું. દૂધ લાવવા માટે એક્કાનો ઉપયોગ થતો. ટુકડી સાથે જ આગલી રાતે બીડમાં પહોંચી જતો. ત્યાં રાતવાસો કરવાની ખૂબ મજા આવતી. કુદરતના ખોળે , આકાશના ચંદરવા હેઠે, અવકાશની ચાદર ઓઢીને, મિત્રો સાથે ખુલ્લી ધરતી પર આળોટતાં , રાત પસાર કરતા ત્યારે જીવન ધન્ય લાગતું. કોઈ કોઈ વાર ગોપાલકને ગાયો દોહવામાં મદદ પણ કરતા. પછી સંસ્થામાં સમયસર દૂધ પહોંચાડીને શિયાળાની કડકડતી ઠંડીમાં શીતળ જળથી સ્નાન કરતા.

સ્નાન કરવા પહેલાં જાજરૂ સફાઈના કામમાં લાગી જતા. પ્રારંભમાં જાજરૂ સફાઈનું કામ કરવાનું આવે ત્યારે થોડો સમય હું એમાં નાનપ અનુભાવતો , પરંતુ સંસ્થાનાં નાનાં મોટાં સૌને જરાય દિલ દગડાઈ કર્યા વિના સફાઈ કામ કરતાં જોઈને મારા મનમાંથી સફાઈકામ પ્રત્યેની રહીસહી સૂગ પણ કેવી રીતે નીકળી ગઈ કંઈ ખબર જ ન પડી ! ડોલમાં કાગળ પાથરીને જાજરૂની મહાસફાઈ કરી છે. તેથી જીવનમાં કોઈ પણ કાર્યમાં સફાઈબંધ રહેવાની ટેવ પડી છે. કામમાં સફાઈનો આગ્રહ રહ્યો છે. અનેક વિટંબણાઓ વચ્ચે પણ માનવ માનવ પ્રત્યેની સૂગથી દૂર રહેવાની પ્રેરણા આ કાર્યમાંથી મળી હોય એવું લાગે છે.

આંબલાના ગુરુગણ પૈકી મુ. ગુણવંતભાઈ અને મુ. બુચભાઈની મારા પર જબરી અસર છે. મુ. મનુભાઈ પંચોળી 'દર્શક'ની શિક્ષણપદ્ધતિ ગમી. વાત અને વાર્તા કહેવાની અદ્દભુત કળા તો બસ એમની જ. એમની વાણીમાંથી પ્રખર સાહિત્યકાર અને દીર્ઘદૃષ્ટા ઇતિહાસકાર આપોઆપ સાકાર થતા. સરળ અને સાહજિકતાથી વાતો કરતાં કરતાં સામાના દિલ સોંસરવા ઊતરી જવાની એમની વાક્ પટુતાથી, વાક્ચાતુરીથી હું ખૂબ ખૂબ આકર્ષાયો છું. એ કારણે મારામાં સાહિત્ય અને ઇતિહાસ પ્રત્યે રુચિ અને વલણો કેળવાયાં છે. વળી મુ. મનુભાઈમાં રહેલા શિક્ષકનાં દર્શન જે રીતે અવારનવાર થતાં , તેથી અમે સૌ એમનામાં છુપાયેલા પ્રાચીન ઋષિવર્યને મનોમન વંદન કરી ધન્યતા અનુભવતા હતા.

એમની કલગીરૂપ ઐતિહાસિક નવલકથા 'દીપનિર્વાણ'ની પણ જબરી અસર મારા પર થઈ છે. ઐલ અને મહાકાશ્યપનાં ચરિત્રચિત્રણ અને વ્યક્તિત્વથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. ગણરાજયો અને એમાંથી ઉત્તરોત્તર ઊતરી આવેલી લોકશાહી શાસન પ્રણાલી પરત્વે મમત્વ બંધાયું છે. આજે પણ મનોમન ગણરાજયોના અતીતમાં વિચરવાનું ગમે. કેન્દ્રિત નહિ પણ વિકેન્દ્રિત શાસન વ્યવસ્થા તરફ આકર્ષણ રહ્યું છે. સત્તાના કેન્દ્રીકરણની કોઈ વાત આવે છે, ત્યારે સખત અણગમો થાય છે. સત્તા ક્યારેય કેન્દ્રિત હોવી કે થવી ન જોઈએ. સત્તાના વિકેન્દ્રિકરણમાં જ માનવજાતિનો ઉત્કર્ષ છે, એવી દૃઢ માન્યતા ધરાવતો થયો છું. એ વિચાર-બીજમાં પૂ. નાનાભાઈ –મનુભાઈ જેવા સમર્થ વ્યક્તિત્વોની જીવન-કવન પદ્ધતિની અસર કારણભૂત છે તેમ માનું છું.

## લોકભારતીમાં પ્રવેશ :

આંબલા પછી લોકભારતી સણોસરામાં પ્રવેશ મળ્યો. લોકભારતી એટલે એક સંસ્થા જ નહિ , ઘર પણ કહી શકાય. એટલી હદે ત્યાંના ભણનારા અને ભણાવનારાઓ વચ્ચે આત્મીયતા બંધાઈ ગઈ છે.

અભ્યાસકાળ દરમિયાન લોક્ભારતીના શિક્ષકગણ ઉપરાંત સંસ્થાની મુલાકાતે આવતા મહાનુભાવો, રાષ્ટ્રીય રચનાત્મક કાર્યકરો , સમાજ સેવકો તેમજ લોકસેવાના આજીવન ભેખધારીઓનાં વ્યાખ્યાનોની મન પર જબરી અસર થતી. વિશેષત: કાકા કાલેલકર , દાદા ધર્માધિકારી, સ્વામી આનંદ, કવિશ્રી ઉમાશંકર જોશી વગેરે વિદ્વત્ જનોનાં વ્યાખ્યાનોએ મારી વિચારક્ષિતિજ વિસ્તારવામાં ખૂબ મદદ કરી છે.

તદ્ઉપરાંત, દર ગુરુવારની સંસ્થાની સામૂહિક પ્રાર્થનાસભાને અંતે પૂ. નાનાભાઈ-મનુભાઈ કે સંસ્થાના અન્ય કાર્યકરોનાં વ્યાખ્યાનોથી મારી વિચારસરણી વધુ પુષ્ટ બની છે.

તેમ છતાં સંસ્થામાં સાથે રહેતાં ભાઈ-બહેનો વચ્ચેના સંબંધોમાં સંકોચશીલ સ્વભાવને કારણે પ્રમાણમાં હું અતડો જ રહ્યો છું. ચર્ચાસભા , પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને દાંડિયારાસમાં ભાગ લેવાનું થતું. એકમેક સાથે હળવા મળવાના પ્રસંગો પણ બનતા. છતાં જાણે હું એકલોઅટૂલો હોઉં એવો ભાવ મનમાં રહ્યા કરતો હતો. સંસ્થાના અધ્યાપકોનો અખૂટ સ્નેહ હોવા છતાં હું કોઈને ઘરે જતો નહિ. કોઈની સાથે હળવા મળવામાં કોણ જાણે કેમ સંકોચ રહ્યા કરતો. તેનો આજે પણ વસવસો છે.

માલપરામાં ભણતા કેટલાક મિત્રો આંબલા અને સણોસરામાં પણ સાથે હતા. નાતજાતના કે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના અમે સૌ સાથે રહેતા, ખાતા પિતા અને ભણતા હતા. એ બધા મિત્રોમાં હું સૌથી નાનો હતો. એટલે નાનો હોવાનો મનોભાવ મનમાં રહ્યા કરતો હતો.

ગુરુજનોમાં નાનાભાઈ , મનુભાઈ, મૂળશંકરભાઈ, રતિભાઈ અને બુચભાઈની સાદાઈ અને નૈતિકતા તેમજ રાષ્ટ્રીયતાથી ભરપૂર જીવનશૈલીની ખૂબ ઊંડી અસર મારા જીવન પર રહ્યા કરી છે.

આંબલાનો એક પ્રસંગ યાદ આવી જાય છે. મારા અધ્યાપક શ્રી નરોત્તમભાઈ ભટ્ટને ખબર પડી કે હું શાક બિલકુલ ખાતો નથી. એમને આ વાત ન ગમી. આંબલાનું એ મારું છેલ્લું વર્ષ હતું. એક દિવસે શ્રી નરોત્તમભાઈએ મારા ખભા પર હાથ મૂકીને સ્નેહથી પૂછયું -"ભોજનમાં શાક કેમ ખાતો નથી ?" પછી આરોગ્ય અને ખોરાકની ટેવો વિશે હળવાશથી સમજાવતાકહ્યું - "મને એ જ સમજાતું નથી કે શાકભાજી તો કુદરતે સર્જેલો અમૂલ્ય ખોરાક છે. તને એ ન ભાવે તે કેમ ચાલે? મને તો ખૂબ ભાવે છે!"

નરોત્તમભાઈ અમારી સાથે રસોડે જ જમતા. એક દિવસ હું શાક ન ખાઉં તો તેમણે પણ શાક ન ખાવાનું નક્કી કર્યું. ન ખાધું. મને એ ન ગમ્યું. ત્યારથી મેં શાક ખાવાનું શરૂ કર્યું.

આવા આત્મીય સ્વજનો જેવા હતા અમારા અધ્યાપકો. એમનાં નિ:સ્વાર્થ સ્નેહ અને વાત્સલ્ય દ્વારા વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર કરવાના પ્રયોગોને –પ્રયાસોને આજેય વાગોળું છું ત્યારે જીવનામૃતનું પાન કરતો હોઉં તેવી તૃપ્તિ અનુભવું છું.

રસોડાનું સંચાલન અમે વિદ્યાર્થીઓ કરતા હતા. એટલે ખર્ચ ઓછો થતો. નાના મોટા પ્રવાસો પણ ખૂબ કર્યા છે. પ્રવાસનો આનંદ કંઈ ઓર જ હોય છે. માલપરા આસપાસના વિસ્તારમાં ગધેડા પર સામાન મૂકીને અમે પ્રવાસે જતા. એક વાર વીંછિયાથી બોટાદ જતાં રસ્તામાં તરસ લાગી. તરસ એટલે શું? તેનો બરાબર અનુભવ થયો. 'તમે નબાપા છો' એમ કહીને લોકો પાણી પાતાં. આવા અનુભવો પછી પાણી વિના કલાકો કાઢવા હોય તો હું સરળતાથી કલાકો પસાર કરી શકતો. આમ તરસ પર કાબૂ મેળવતાં શીખ્યો છું.

સણોસરા રહ્યો તે દરમિયાન અમારાં રોજિંદાં કાર્યોને અવરોધરૂપ ન થાય તે રીતે જંગલોમાં રખડવા માટે કે નહાવા ધોવા માટે અમારા કોઈ અધ્યાપકે અમને મનાઈ નથી કરી. લોકભારતીના મુક્ત વાતાવરણનો ખૂબ લાભ લીધો છે. કોઈકોઈ વાર અમારા અધ્યાપકોની મીઠી ટીખળ પણ કરતા છતાંય કોઈ અધ્યાપકે માઠું લગાડયું હોય તેવું બન્યું નથી. એમણે અમારા પર હમેશાં સ્નેહવર્ષા જ કરી છે. જોકે કોઈ અધ્યાપકે અમને સોંપેલ કોઈ કામની અમે કદી અવગણના નથી કરી. કોઈની સામે થવાનો કે અવિનય કર્યાનો કોઈ પ્રસંગ જ નથી ઉદ્‌ભવ્યો.

આવા હતા અમારા વિદ્યાર્થી-અધ્યાપક વચ્ચેના સ્નેહભર્યા સંબંધો !

લોકભારતીના છેલ્લા વર્ષમાં હતો ત્યારે એક અધ્યાપકે પોશાકની બાબતમાં હળવી ટકોર કરી હતી. સામાન્ય રીતે હું ચડ્ડી-ગંજી જ પહેરતો હતો. શિયાળાની સખત ટાઢના થોડા દિવસો સિવાય મેં બુશર્ટ પહેર્યું હોવાનું યાદ નથી. છેક છેલ્લે છેલ્લે મેં પેન્ટ પહેરવાનું શરૂ કર્યું હતું.

જ્યારે ચોગઠ જવાનું થાય ત્યારે પોશાક્ની બાબતમાં અને દરેક બાબતમાં ભારે શિસ્તબદ્ધ રહેવું પડતું હતું. પિતાશ્રી આમ તો ચાર જ ધોરણ ભણેલા હતા. પરંતુ શિસ્તના અતિ આગ્રહી અને કડક સ્વભાવ ધરાવનારા હતા. એમના ધીર-ગંભીર અને કડક વ્યક્તિત્વની મારા જીવન પર જબરી અસર થઈ છે. ખેડૂતના સંતાન તરીકે મારે સૂરવાલ પહેરવી પડતી. કોઈ વાર પેન્ટ પહેરીને ચોગઠ જવાનું થાય ત્યારે ગામમાં પ્રવેશતાં પહેલાં સૂરવાલ પહેરીને પછી જ ગામમાં જતો.

લોકભારતીમાં એક વાર ચોરી કરીને પપૈયાં ખાધાં હતાં. શ્રમકાર્યના ભાગરૂપે અમે કેટલાક મિત્રો ખેતરમાંથી પપૈયાં લાવતા હતા. ત્યારે એક મજાનું પાકું પપૈયું જાળાંમાં સંતાડી દીધું. પછી તો છાત્રાલયે આવ્યા. છાનામાના જઈને સંતાડેલું પપૈયું ખાવાની તીવ્ર ઇચ્છા થઈ. પરંતુ મનમાં યુદ્ધ શરૂ થઈ ગયું. મેં આ બરાબર કર્યું નથી. કોઈએ મારા પર મૂકેલ વિશ્વાસનો મેં ભંગ કર્યો છે. મનમાં ગડમથલ શરૂ થઈ ગઈ. એક પ્રકારના ક્ષોભની લાગણી થવા માંડી. તરત છાત્રાલયના વ્યવસ્થાપક રતિભાઈ પાસે દોડી ગયો. સંતાડેલા પપૈયાની વાત નિખાલસપણે કહી દીધી. ત્યારે જ મન હળવું થયું. હાશકારો અનુભવ્યો.

રતિભાઈ ઠપકો આપશે કે સજા કરશે ? જે કંઈ કરે તેની તૈયારી કરી લીધી હતી. પરંતુ રતિભાઈ તો મારો નિખાલસ એકરાર સાંભળ્યા પછી મને ઠપકો કે સજા કરવાને બદલે ખડખડાટ હસી પડ્યા.

એ ઘટના પછી બીજી વાર આવું કંઈ કરવાની ઇચ્છા જ ન થઈ. મનમાં એક પ્રકારનો સંતાપ રહ્યા કરતો હતો. એ સંતાપ અને વેદનાના અનુભવે મોટપણે જીવનના લપસણા અને લલચામણા પ્રસંગોએ કેટલીયે બાબતોમાં મનને મક્કમ રાખીને અડગ રહેતાં શીખ્યો છું.

આમ માલપરા, આંબલા અને સણોસરાએ મારા જીવનઘડતરનું ભાથું બાંધી આપ્યું છે. જેનો આસ્વાદ લેતાં, જેની મીઠપને મમળાવતાં, જીવનમાં અનેક વખત સંઘર્ષ વેળાએ જે શાતાનો અનુભવ થયો છે, તેનું વર્ણન શક્ય જ નથી.

લોકભારતીનો અભ્યાસ પૂરો કર્યા પછી બહારની દુનિયામાં ગોઠવાઈ જવા માટે શું કરવું તેની કોઈ વિશેષ ચિંતા કરી ન હતી. જીવનની નરી વાસ્તવિકતા નજર સામે ડોકિયાં કરી રહી હતી. મારો પોતાનો વિચાર તો આગળ ભણવાનો હતો. પરદેશ જવાની ઇચ્છા પણ ખરી. પરંતુ એમાં અંગ્રેજીની જરૂર પડે. એટલે એલીમેન્ટરી અંગ્રેજી શીખવા માટે થોડો સમય આંબલામાં રહ્યો. જો અંગ્રેજી બરાબર શીખી જાઉં તો જર્મની જવાની ઇચ્છા હતી. પરંતુ એ દરમિયાન ફિલ્ડ આસિસ્ટન્ટ માટે કેંન્દ્ર સરકારની એક જાહેરાત આવી. પિતાશ્રી પાસે દોડી ગયો. શ્રી બળવંતરાય મહેતા પર ભલામણ ચિઠ્ઠી લખી આપવા માગણી કરી. પિતાશ્રી તો થોડી વાર સુધી મારી સામે જોઈ રહ્યા. ફક્ત એટલું જ બોલ્યા - "ભલે , દિલ્હી આંટો મારી આવો." પૈસા પણ આપ્યા. પણ ભલામણ ચિઠ્ઠી ન લખી આપી. અનેકને ભલામણ ચિઠ્ઠી લખી આપનાર પિતાશ્રીએ સગા દીકરાને ભલામણ ચિઠ્ઠી ન લખી આપી. એ વસવસો વાગોળતો વાગોળતો હું ઇન્ટરવ્યૂ આપવા દિલ્હી ગયો. ઇન્ટરવ્યૂ લેવાયો. એ જ દિવસે રાત્રે આઠ વાગે ઇન્ટરવ્યૂનું પરિણામ પણ આવી ગયું. મારી પસંદગી થઈ ગઈ. મહારાષ્ટ્રના મૌની વિધાપીઠ-ગારગોટીમાં તાલીમ અર્થે મને બારોબાર મોકલી આપ્યો.

## વ્યાવસાયિક ક્ષેત્રનો આરંભ :

જૂનાગઢ ઓ.ટી.સી. હેડક્વાર્ટર હતું. ગુજરાત રાજ્યમાં ખૂબ ફર્યો.

ખેડૂત હોવાને કારણે મને ખેતીનો વ્યવસાય ખૂબ જ પ્રિય. પરિણામવાદી માણસ. ખેતી પરિણામ આપી શકે. એટલે ગમે. ખૂબ ગમે.

પરંતુ વિધિની વિચિત્રતા કે જે કહો તે, શિક્ષક થવાની ઇચ્છા ન હોવા છતાં હુ જી.બી.ટી.સી. – ગ્રેજયુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર-માંગરોળ, જિ. જૂનાગઢમાં શિક્ષકની તાલીમ માટે દાખલ થયો. પછીથી એમ.એડ્. પણ થયો. પછી વડિયા અધ્યાપન મંદિરમાં અધ્યાપક તરીકે જોડાયો. તા.૧૬-૬-૬૩થી તા.૧૩-૧-૭૨ સુધી અધ્યાપક તરીકે કામ પણ કર્યું. વિદ્યાર્થીઓ સારા નાગરિકો બને, સારા શિક્ષકો તૈયાર થાય એ ધ્યેય નજર સામે રાખીને કામ કરવા જતાં અંદરની અને બહારની અનેક વિટંબણાઓ ઊભી થઈ. સંસ્થાકીય કે ટોળાશાહી દ્વારા અનેક પ્રકારની સમસ્યાઓ ખડી થઈ. પરંતુ ક્યાંય પણ નમતું જોખ્યાં વિના કે ચલિત થયા વિના એમાંથી શક્ય તેટલો માર્ગ કાઢયો

વડિયા અધ્યાપન મંદિરમાં ૧।।થી ૨ વર્ષ એવાં ગયાં જેમાં રોજનાં ૨૦૦-૨૫૦ પાનાં વાંચીને સૂવાની ટેવ રાખી. પરિણામે લાઈબ્રેરીનાં પુસ્તકો સહજ રીતે વંચાયાં. ખાસ કરીને ભૂગોળ , ખગોળ, જ્યોતિષ, જાદુ, હિંદુધર્મ, અથર્વવેદ, બાઈબલનો નવો કરાર, કુરાન, જૈનધર્મ, નવલકથા, મનોવિજ્ઞાન અને સાહિત્યનાં પુસ્તકો વાંચ્યાં. વહીવટમાં પડ્યા પછી વાંચન ઘટ્યું.

બાબાપુર અમરેલીમાં કેરીઅર માસ્ટર તરીકે તા.૨૪-૨-૭૨થી તા.૧૬-૭-૭૨ સુધી કામ કર્યું. શિક્ષણની વહીવટી ફરજો બજાવતાં બજાવતાં સંઘર્ષ , રાગદ્વેષ અને સાથી મિત્રોના વામનપણાથી કોઈ વાર ઉદાસ બની જતો હતો.

છાત્રાલય જીવન દરમિયાન સૌમાં ભળી જવાની , અને આદર્શમય કામો કરવાની વાત અહીં કોઈને ગમતી નહોતી.

લોકભારતીના કેટલાક મિત્રોની શીખ વ્યવહારુ બનવાની હતી.

નિયમો અને ગેરરીતિઓ બાબતે લોકો અને સહકાર્યકરો સાથે સતત વૈચારિક સંઘર્ષ થવા માંડ્યો. વિજય હમેશાં સત્યનો જ થાય છે એવો આત્મવિશ્વાસ પણ ખરો. વળી જેને સત્ય પ્રિય હોય તેને ડર કેવો?

અમરેલીમાં તા.૧૭-૭-૭૨થી ૧૪-૬-૭૩ સુધી નગરપાલિકામાં એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર તરીકે કામ કર્યું. શિક્ષકોની બદલીઓ બાબતે ત્યાંના એક માથાભારે ગણાતા શખ્સે ધમકી આપી. પરંતુ એને ગણકાર્યા વિના કે કોઈની શેહમાં આવ્યા વિના મારા નિર્ણયમાં અફર રહેવાને કારણ અંતે અસામાજિક પરિબળો પાણીમાં બેસી ગયાં.

ત્યાર બાદ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા પસંદગી પામતાં કચ્છમાં શિક્ષણસેવા વર્ગ-૨માં 'શિક્ષણ નિરિક્ષક' તરીકે બઢતી મળી. તા.૧૬-૬-૭૩થી તા.૩૧-૫-૭૬ સુધી કામ કર્યું. એમાં પણ તેજોદ્વેષ અને સંઘર્ષનો અનુભવ થયો. ઉપરી અધિકારીઓ સોંપે તેવી કેટલીક ઈન્કવાયરીઓ કરવા જતાં ધમકીઓ મળવા માંડી. 'આ કચ્છ છે, હો?' ના હાકલા-પડકારા પણ સાંભળવા પડતા. પરંતુ નિર્ભયતાએ હમેશાં સાથ દીધો.

એવામાં એક નાનકડી ઘટના બની. ભૂગર્ભ ગટરની યોજના હેઠળ ગટરનું ખોદકામ ચાલુ હતું. તેમાં કેટલાક માણસો દટાઈ ગયા. બરાબર એ જ સમયે હું દૂધ લેવા જતો હતો. લોકો બૂમરાણ મચાવતા હતા. કોઈક હિંમત બતાવે તેની જરૂર હતી. હું કૂદી પડ્યો. ત્રણ માણસોને બચાવ્યા. બચાવવા જતાં ભેખડ માથે પડે તો તેમાં દટાઈ જવાની પૂરેપૂરી શક્યતા હતી. એમ છતાં એ ત્રણ માણસોને જોખમ વહોરીને પણ બચાવ્યા. એમને બચાવી શક્યો એ જ મોટો આનંદ હતો. આ કામ બદલ હોમગાર્ડ યુનિટ તરફથી પ્રમાણપત્ર આપી મારું બહુમાન કરવામાં આવ્યું હતું.

એ વખતે કચ્છમાં નવી નવી હાઈસ્કૂલો ઊઘડતી જતી હતી. કચ્છના ભૌગોલિક પર્યાવરણની અસર પણ ગજબની હતી. કચ્છ બહારનો કોઈ પણ માણસ કચ્છીઓને પરદેશી લાગતો હતો. પણ એવા કોઈ પરાયાપણાના ભાવને ગણકાર્યા વિના કામ કરનારને કચ્છમાં પોતીકાં બનાવી લેવાની કુનેહનાં પણ દર્શન થયાં છે.

કચ્છમાં ફરજ દરમિયાન એક ઘટના બની ગઈ. એનો સંતાપ મારા મન પરથી હજીયે સમૂળગો દૂર થયો નથી. કચ્છની એક શાળાના આચાર્ય વિરુદ્ધ કેટલીક ફરિયાદો હતી. તપાસ દરમિયાન તેમનું વર્તન અને તેમની વિરુદ્ધના પુરાવાને કારણે તેમને પંચાવન વર્ષે ફરજિયાત નિવૃત્ત કરવા માટે ચાર્જ છોડાવવા મારે જવાનું થયું.

એમના પર આઠથી દશ માણસોના કુટુંબની જવાબદારી હતી. કાને પણ ઓછું સાંભળતા. પ્રકૃતિ પણ બીજાને ન ગમે તેવી. એટલે એમની વિનંતી છતાંય સખ્તાઈપૂર્વક ચાર્જ છોડાવવાની કામગીરી કરી. એ માટે જરા ઉગ્રતાથી કામ લેવું પડ્યું. ત્યારબાદ આઠેક માસમાં એ ગુજરી ગયા.

આ ઘટનાએ મારા મન પર ઘેરી અસર કરી. શારીરિક રીતે અશક્ત પણ વિષમ પ્રકૃતિને કારણે ખાતાએ એમની સાથે સખ્તાઈથી કામ લીધું. એ વાતનો વસવસો રહ્યો છે.

ત્યારબાદ વલ્લભીપુર સરકારી હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે ગયો. તા.૧-૬-૭૬થી ૧૬-૧૦-૮૦ સુધી કામ કર્યું. હાઈસ્કૂલનું તંત્ર અનેક સમસ્યાઓથી ઘેરાયેલું હતું. શાળાનું વાર્ષિક પરિણામ ખૂબ જ કંગાળ આવતું હતું. શૈક્ષણિક કે ઈતર પ્રવૃત્તિઓ પ્રત્યે ઘોર ઉપેક્ષા જોવા મળી. આવું કેમ ચલાવી લેવાય ? વલ્લભીપુરમાં પટેલો , રજપૂતો અને દરબારોની વસતી ઝાઝી. દરબારોનું પૂરેપૂરું આધિપત્ય. હાઈસ્કૂલમાં માથાભારે વિદ્યાર્થીઓની ગંભીર સમસ્યા. તોફાનો, મારામારી અને તોડફોડ કરે, કરાવે એ જ રોજની દિનચર્યા. વિદ્યાર્થીઓ પર શિક્ષકોની કોઈ પકકડ નહિ. લોકોને પણ હાઈસ્કૂલ પ્રત્યે અણગમો. આવા વાતાવરણમાં મારે કામ લેવાનું હતું. ચેલેંજ હતી , એક જાતની: 'પરિવર્તન લાવ્યે જ છૂટકો ' –

એવા મક્કમ નિર્ધાર સાથે મેં હાઈસ્કૂલમાં અડિંગો જમાવ્યો. સમયની કે અંગત લાભાલાભની પરવા કર્યા વિના હાઈસ્કૂલમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવા માંડ્યો. શૈક્ષણિક કાર્ય પર પણ એટલો જ ઝોક આપવા માંડ્યો. ધીમે ધીમે કેટલાક સહૃદયી અને નિષ્ઠાવાન શિક્ષકોને સહકાર આપોઆપ મળવા માંડ્યો. તોફાનો ઘટવા માંડ્યાં. તોફાની વિદ્યાર્થીઓને પણ ઉષ્માભર્યો પ્રેમ આપ્યો. જરૂર લાગી ત્યારે શિસ્તપાલનના આગ્રહથી ભણતર પ્રત્યે , શિક્ષણેતર પ્રવૃત્તિઓ પ્રત્યે આકર્ષ્યા. તેમનામાં પડેલી છૂપી સર્જનાત્મક શક્તિઓનો તેમને ખ્યાલ આવ્યો. પરિણામે ઝાડીઝાંખરાં અને ખાડા ટેકરાવાળું હાઈસ્કૂલનું રમતગમતનું મેદાન કિલ્લોલ કરતું થયું. સાંસ્કૃતિક કાર્યક્રમો વખતે અગાઉ અહીં ખૂબ તોફાનો થતાં. તેથી આવી પ્રવૃત્તિ હાથ લેવા કોઈ તૈયાર જ ન થતા. કેટલાંક મિત્રોની ના હોવા છતાં અમે કોઈ પણ પ્રકારના અનિષ્ટ પરિણામની પરવા કર્યા વિના મક્કમતાથી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજ્યો. લોકોને વિશ્વાસ બેઠો. રસ પડવા માંડ્યો. હાઈસ્કૂલમાં સંખ્યા પણ વધવા માંડી. હાઈસ્કૂલનું એસ.એસ.સી.નું પરિણામ ૨૦% થી ૫૬% સુધી પહોંચ્યું. ગામની સ્થાનિક બોર્ડિંગમાં પણ સંખ્યા વધવા માંડી. એક વિશિષ્ટ પ્રકારના સંતોષનો ભાવ થવા માંડ્યો. સારાં કામનું પરિણામ સારું જ એની ખાતરી થઈ.

## ક્લાસ -૧ અધિકારી તરીકે :

આ દરમિયાન ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનમાં ક્લાસ-૧ માં પસંદગી થઈ. ત્યારબાદ સાડા ત્રણ વર્ષ જેટલો સમય અમરેલીમાં વીત્યો. ત્યાં પણ કેટલીક વહીવટી સમસ્યાઓ ઊભી થઈ. એસ.એસ.સી. પરીક્ષાના સંચાલનમાં વિવાદ ઊભો થયો. બધી જ પરિસ્થિતિનો મક્કમતાપૂર્વક સામનો કર્યો. કેટલાંક અસામાજિક તત્ત્વો સામે નિર્ભયતાથી કામ લીધું. ધીરે ધીરે પરિસ્થિતિમાં ફેરફાર થવા માંડ્યો. પ્રૌઢશિક્ષણ અધિકારી તથા થોડો સમય જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે (ચાર્જમાં) આ જિલ્લામાં કામ કર્યું.

તે પછી જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે બદલી થઈ. તા.૨૧-૫-૮૪થી ૧૫-૧૨-૮૫ સુધી કામ કર્યું. થોડા સમયમાં જ ખ્યાલ આવી ગયો કે અહીં સીધાં ચઢાણ ચઢવાનાં છે. જૂનાગઢ જિલ્લામાં જતાંવેંત વહીવટી ગૂંચોનો ઉકેલ લાવવા માટે સારો એવો સંઘર્ષ કરવો પડ્યો. દાબજૂથોનો સામનો કરવો પડયો. વહીવટી સુધારણાના કાર્યમાં પણ ખૂબ જહેમત ઉઠાવવી પડી. અહીં લાંચરુશ્વત, ધાકધમકી અને દાદાગીરીનું પ્રમાણ વધારે જોવા મળ્યું.

પરંતુ ધીરે ધીરે કોઈનીય અસરમાં આવ્યા વિના તટસ્થતાપૂર્વક કામગીરી આરંભી. લાંચરુશ્વત બંધ થતાં અને વહીવટી સુધારણા થતાં ઘણાને મારી રીતરસમ પસંદ ન પડી. એટલે શિક્ષણસમિતિ અને જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મન ફાવે તેવા આક્ષેપો થવા માંડ્યા.

એક વાર જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રીની હાજરીમાં એક માથાભારે શખ્સે ચેમ્બરમાં આવીને ધમકી આપી : "કાંઉ શિક્ષકની બદલી ની કરતો ? ભીસાં પાડી નાખશું." ચેરમેનશ્રી તો મને એકલો મૂકીને ત્યાંથી ઊઠીને બહાર ચાલ્યા ગયા.

પેલો માથાભારે શખ્સ આવેશમાં આવીને ગમે તે કરી બેસે એવી શક્યતા હતી. પરંતુ જરાયે ગભરાયા વિના ખૂબ શાંતિથી છતાં મક્કમતાથી મેં એને કહ્યું: “તો પછી પહેલો ઘા તમારો અને બીજો ઘા મારો. પૂરેપૂરી તૈયારી હોય તો મારે પણ ના છૂટકે સામનો કરવો પડશે.” અને કોણ જાણે કેમ, શું થયું તે, એ માણસ ઠંડો પડી ગયો. અને ચાલ્યો ગયો. તેણે ધાકધમકીથી કરાવવા ધારેલી શિક્ષકની બદલી હું જૂનાગઢ રહ્યો ત્યાં સુધી ન જ કરી.

પછી તો જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના સભ્યો મારી વિરુદ્ધ થઈ ગયા. ‘અહીં ભ્રષ્ટાચાર ચાલે છે’ એમ કહીને મને મિટિંગમાં જતો રોકતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ દરમિયાનગીરી કરી. કહે: “મિટિંગમાં નહિ આવો તો ચાલશે. એમને સાંભળો.” એ રીતે મામલો થાળે પાડ્યો. વાસ્તવમાં ભ્રષ્ટાચાર કરનારાઓ એ લોકો જ હતા.

એક વાર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ૭૯ પ્રશ્નોમાંથી ૪૦ પ્રશ્નો શિક્ષણ શાખા અંગે પૂછવામાં આવ્યા હતા. દરેક પ્રશ્નના જવાબો તૈયાર કરીને હું સભામાં જવા ઘરેથી નીકળ્યો. ત્યારે

વાતાવરણ એટલું બધું તનાવપૂર્ણ હતું કે વાત ન પૂછો. મારે મારી પત્નીને સૂચના આપવી પડી હતી : "આજે મારા પર જોખમ છે. તમે સૌ ઘર બંધ કરીને જ રહેજો. મારી ફિકર કરશો નહિ..."

ઘરેથી નીકળતાં પહેલાં મેં મનોમન નિશ્ચય કર્યો હતો. ફરજ ખાતર કદાચ ખપી જવું પડે તો પણ મંજૂર છે. પરંતુ કોઈનીય શેહશરમમાં આવ્યા વિના સિદ્ધાંતોમાંથી ચલિત નથી થવું.

આ સામાન્ય સભામાં ૧૬ પ્રશ્નોના ફટોફટ ઉત્તરો આપી દીધા. પછી પ્રશ્નોત્તરી બંધ થઈ ગઈ. ધાંધલધમાલની શક્યતા હતી તેમાં પણ ઓટ આવી ગઈ.

આમ,  જૂનાગઢ જિલ્લામાં મારો સમય ખૂબ સંઘર્ષમય વીત્યો. પરંતુ શિક્ષણસમિતિના વહીવટમાં જે ભ્રષ્ટાચાર ચાલતો હતો તેમાં ધરખમ સુધારો થયો જ. જો સરકારી અધિકારી પોતે પ્રામાણિક અને શુદ્ધ આચરણયુક્ત વહીવટ કરવાનો મિજાજ ધરાવતા હોય તો ગમે તેવાં દાબજૂથો કે અસામાજિક તત્ત્વોના હાથ અંતે હેઠા જ પડે છે. એની સૌ કોઈને પ્રતીતિ થઈ ગઈ. એનો મને આજ પર્યંત સંતોષ છે.

ત્યારબાદ જામનગર જિલ્લામાં મારી બદલી થઈ. તા.૧૬-૧૨-૮૫થી ૨-૭-૮૯ સુધી પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે અને તા.૭-૭-૮૯થી ૧૮-૨-૯૦ સુધી જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે ફરજ બજાવી. અહીં આવતાં-વેંત ખાતરી થઈ ગઈ કે અહીં પણ વહીવટમાં ગતિશીલતાની જરૂર છે. શિક્ષકોના અનેક પ્રશ્નો ઉકેલવાના છે. જી.પી.એફ., સિનિયોરીટી, શાળાઓની અનિયમિતતા, લોકોની ફરિયાદો, કચેરી અને ક્ષેત્રીય કર્મચારીઓની રીતરસમો વગેરે થોકબંધ પ્રશ્નો અહીં પણ હતા.

પ્રારંભમાં શિક્ષકોની બદલીઓના પ્રશ્નો અંગે પદાધિકારીઓ સાથે થોડો સંઘર્ષ થયો. પરંતુ ગમે તે કારણસર, એકાદ બે નાની નાની ઘટનાઓ પછી મારી પાસે નિયમ વિરુદ્ધની કોઈ કામગીરીની અપેક્ષા ઓછી થવા માંડી. ક્રમશઃ એ ઘટતી ગઈ. એટલે વહીવટી સુધારણા તરફ લક્ષ્ય આપવા માંડયું.

શરૂઆતમાં કેટલાક માથાભારે શિક્ષકોનો સામનો કરવો પડયો. પરંતુ એવી જૂજ ઘટનાઓ પછી શિક્ષકો અને લોકોનો સહકાર મળતો રહ્યો. છેલ્લાં ત્રણેક વર્ષના સમય દરમિયાન પ્રાથમિક શિક્ષણને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી – વિજ્ઞાનમેળા, રમતોત્સવ, નાટ્યમહોત્સવ, શિષ્યવૃત્તિ પરીક્ષાઓ, જ્ઞાનવર્ધક સભાઓ જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષકોમાં અને ક્ષેત્રીય કર્મચારીઓ તેમ જ વહીવટી કર્મચારીઓમાં એક પ્રકારની ચેતનાનો અનુભવ થવા માડયો. તેમ છતાં પૂર્ણ સંતોષની ઘડી હજી દૂર છે, એવો અહેસાસ પણ થતો હતો. છેવટે તો "કર્મણ્યેવાધિકારસ્તે , મા ફલેષુ કદાચન" - એ ઉક્તિ અનુસાર કાર્ય કરવાનું હોય છે.

## ખાટામીઠા અનુભવો :

મારી શિક્ષણયાત્રા સરકારી અધ્યાપન મંદિર વડિયા , (જિ.અમરેલી)ના અધ્યાપકથી માંડીને ગુજરાત સેકંડરી એજયુકેશન બોર્ડ – ગાંધીનગરના નાયબ અધ્યક્ષ સુધીની રહી : ૧૯૭૨થી ૧૯૯૮ સુધી નિવૃત્તિ પછી પણ સરકારે મારી છેલ્લી પોસ્ટમાં એક વર્ષનો વધારો કરી આપ્યો. એટલે એ યાત્રાનો છેલ્લો પડાવ ૩૦-૧૧-૯૯ સુધીનો રહ્યો. મારી કામગીરી ત્રીજા વર્ગના કર્મચારી તરીકે શરૂ થઈ હતી. અને છેવટે જતાં પ્રથમવર્ગના અધિકારી તરીકે પૂર્ણવિરામ પામી હતી.

મારી કામગીરીનાં વર્ષોમાં મારી ખરી તાવણી થઈ. કટોકટીના અનેક પ્રસંગો આવ્યા. ક્યારેક દબાણ આવ્યું. ક્યારેક મારી નાખવાની ધમકી આવી. ક્યારેક લાગવગ કે રુશ્વતના આક્ષેપો થયા. ક્યારેક અત્યંત કડકાઈ ભર્યા વર્તન અંગે ફરિયાદો થઈ. ટૂંકમાં , જે જે થઈ શકે તે બધું જ થયું. પણ પૂજ્ય પિતાજીના ઘડતરના બળે અને લોકભારતી જેવી સંસ્થામાંથી મળેલા શિક્ષણસંસ્કારના બળે એ બધાંમાંથી પાર ઊતરી જવાયું.

સરકારી અધિકારી અને તે પણ ઉચ્ચ અધિકારી હોવું તે કાજળની કોટડીમાં રહેવા સમાન છે. અનેક પ્રલોભનો સામે હોય અને તેની સામે જોયા વિના રસ્તો પાર કરી જવો તે જેવું તેવું કામ નથી. અનેક અડચણો સામે મોઢું ફાડીને ઊભી હોય. તેને ઠેકી જવી તેમાં વજ્રજેવી છાતી જોઈએ. ખમીર અને ખુમારી જોઈએ. તો જ એ વૈતરણી પાર કરી શકાય.

મારા વહીવટીકાળ દરમિયાન બનેલી કેટલીક સંતોષપ્રદ ઘટનાઓની વાત પહેલાં કરું–

- **સંતોષપ્રદ ઘટનાઓ** :

- જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના બરડા ડુંગરમાં આદિવાસી પ્રજા રહે છે. ડુંગરની અંદર છૂટાછવાયા તેમના ૩૨ જેટલા નેસડા છે. આ નેસડામાં રહેતાં બાળકો પ્રાથમિક શિક્ષણથી સાવ વંચિત હતાં. જામનગર જિલ્લામાં હું જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી હતો ત્યારે મને આની જાણ થઈ. સ્થળ ઉપર જઈ પરિસ્થિતિનો ક્યાસ કાઢયો. ત્યાં ત્રણ શાળાઓ શરૂ કરી. બાળકો શાળામાં આવતાં થાય તે માટે આ શાળાઓમાં રબારી કોમના શિક્ષકોની નિમણૂંક કરી. બરડા ડુંગરમાં બસ તો ચાલે નહિ. એટલે એ શિક્ષકોને મારી જીપમાં લઈ ગયો. લોકો સાથે મળીને તેમની રહેવા કરવાની સગવડ ગોઠવી. એ વિસ્તારની શાળાઓ સરસ રીતે ચાલવા લાગી એક સરસ કામ થયું.
- બરડાના બીજા એક ભાગમાં પાછતર ગામ. આ ગામ ડુંગરના એવા ઢોળાવ પર વસેલું છે કે જીપને એક કિલોમિટર દૂર મૂકીને ચાલીને જ જવું પડે. ગયા. શાળા શરૂ કરવા પ્રયત્ન કર્યો. ગામના

પુરુષોએ વિરોધ કર્યો. પણ ગામની મહિલાઓ શાળા માટે આગ્રહી હતી. શાળા શરૂ કરવા તેમનાં છાપરાં વાપરવાની હા પાડી. એ રીતે પાછતર આવેલા. એ પછાત ગામમાં શાળા શરૂ થઈ.

- દ્વારકા તાલુકો શૈક્ષણિક રીતે ઘણો પછાત. નાનો ને વસતી ઓછી. અહીં મુસ્લિમ પ્રજા ઘણી. તેઓ વાડીઓમાં રહે છે. શાળા માટે તે લોકોની માગણી આવી. દ્વારકા જતાં રસ્તામાં અંદરના ભાગે વાડી વિસ્તારમાં શાળા શરૂ કરાવી.
- પોશીત્રા- જેના વિકાસની ઘણી વાતો થાય છે. ત્યાં જતાં વચ્ચે ડાબી બાજુ અંદરના ભાગે મુસ્લિમોની વસતીમાં શાળા શરૂ કરાવી.
- દ્વારકાના દરિયાકાંઠે માછીમારોનાં ઝૂંપડાં છે ત્યાં શાળા શરૂ કરાવી. મોટી સંખ્યામાં બાળકો આવતાં થયાં. જામજોધપુર ગામમાં મુકાયેલા શિક્ષક મજીઠિયાના પત્ની કૃષ્ણભક્તિમાં આસ્થાવાળાં હોવાથી જામજોધપુર જેવું ગામ છોડીને અહીં આવ્યાં.
- જામનગર જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે ફરજ બજાવતો હતો ત્યારે જોવા મળ્યું કે શિક્ષકો , આચાર્યો, કેળવણી નિરીક્ષકો કેટલાય મહત્ત્વના નિયમોથી અજાણ હતા. એટલે શાળાઓનાં કેટલાંય કાર્યો નિયમ પ્રમાણે ચાલતાં નહોતાં. આ અવ્યવસ્થા દૂર કરવા વહીવટને લગતા નિયમોની એક પુસ્તિકા તૈયાર કરાવી. જેમાં પ્રાથમિક શાળાઓનો સમય , પરીક્ષા-મૂલ્યાંકનના નિયમો, ડેડસ્ટોક જાળવણી અને રદ કરવાના નિયમો , ખાનગી સંસ્થાઓને અનુદાનના નિયમો, શૈક્ષણિક પ્રવાસ પર્યટનો અંગેની સૂચનાઓ , કર્મચારીઓની ફરજો અંગેના નિયમો , શિક્ષકોનો સેટઅપ વગેરે અંગેની માહિતી આપવામાં આવી. આનાથી પ્રાથમિક શિક્ષણના વહીવટમાં એકસૂત્રતા જળવાઈ

- લાંચ આપવાના પ્રયત્નો

- જૂનાગઢ અને જામનગરમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી હતો ત્યારે કોઈ પણ પ્રાથમિક શિક્ષકને મારા ઘરે મળવા આવવાની મેં મનાઈ કરેલી. ઑફિસમાં મળવા આવી શક્તા. છતાં ભાણવડનાં એક બહેન ઘરે મળવા આવ્યાં . તેમની શાળાના ઝઘડાને કારણે મેં તે શાળાના સ્ટાફની સ્થાનિક શાળાઓમાં બદલી કરેલી. છ મહિનામાં તેમના વર્તનમાં સુધારો જણાશે તો ફરી મૂળ જગ્યાએ મૂકી દઈશ એવો વિશ્વાસ આપેલો. આ બહેન પાછાં મૂળ જગ્યાએ બદલાઈ ગયેલાં. એટલે મારા પ્રતિ આભારવશ થઈને મારા દીકરા માટે ટેપરેકોર્ડર તથા મારાં પત્ની માટે વીંટી લઈને આવેલાં. તે ઘરમાં આપવા લાગ્યાં. તે વખતે મેં તેમનો હાથ પકડીને બહાર કાઢયાં. તેની વીજળીક અસર થઈ. સરસામાન સાથે ચાલતી પકડી.
- પરીક્ષાબોર્ડમાં નાયબ અધ્યક્ષ હતો. એક વાર એક એન્જિનિયર મળવા આવ્યા. બોલ્યા : "સાહેબ, ૧૦-૧૫ ગુણનો સવાલ છે. સામેવાળા ૧૦ પેટી (૧૦ લાખ રૂપિયા) આપવા તૈયાર છે." મેં કહ્યું :

"જે હશે તે. નિયમ પ્રમાણે થશે. પણ તમે અહીં આવવાની હિંમત કેમ કરી ?" તો કહે : "તમે નથી લેતા તેની મને જાણ છે. પણ તમે લઈને પાસે નહિ રાખશો. પટેલ સમાજનું મકાન થાય છે તેમાં આપજો."

મેં કહ્યું : "માણસ આખો સમુદ્ર તરી આવ્યો હોય તે આવાં ખાબોચિયાંમાં ડૂબે ?" પણ તેઓ કંઈ ન સમજ્યા. તેમને એમ કે ઓફર થયેલી રકમ સાહેબને ઓછી લાગતી હશે. એટલે તેઓ આગળ વધ્યા. હળવેકથી કહે : "સાહેબ, ૧૫ પેટી આપવા પણ તેઓ સહમત છે."

મેં ફરી કહ્યું : "સિંહ ખડ ખાતો નથી તે ખબર છે ?" મારે તેમને ધમકાવવા પડ્યા. તેમને માટે ચા કરી હતી, તે પાઈને કહ્યું : "હવે પછી આવાં કામ માટે આ ઘરમાં પગ ન મૂકશો."

- જૂનાગઢમાં શિક્ષકોની બદલીમાં ૫થી ૧૦ હજારની રકમ લેવાતી એવું સાંભળેલું. મારા વહીવટ દરમિયાન મેં ૧૫૦૦ જેટલી બદલીઓ કરી. અને ૧૫૦૦ જેટલી નવી ભરતીઓ કરી. એક પણ પૈસો ખવાયો હોય તેવી એક પણ ફરિયાદ ન ઊઠી. બદલીઓ અને ભરતીનો ચોખ્ખો વહીવટ શિક્ષકોમાં ભારે પ્રશંસા પામ્યો.

- **આક્ષેપો**

મારા વહીવટ દરમિયાન ઘણા બધા આક્ષેપો મારી ઉપર થયેલા. એ આક્ષેપો મારા સ્વચ્છ વહીવટને ઝાંખો પાડવા થતા. મારા શુદ્ધ વહીવટને કારણે જે લોકો રળી નહોતા શકતા, ખોટું કરી નહોતા શકતા, તેવા લોકો આક્ષેપો દ્વારા મારી પ્રતિભાને ડાઘ લગાડવાનો પ્રયત્ન કરતા. હું જે પોસ્ટ ઉપર હોઉં અને લોકોને નડતો હોઉં તો આક્ષેપબાજી કરીને કે ઉચ્ચ વર્તુળોમાં લાગવગ લગાડીને મારી બદલી કરાવી મારું નડતર દૂર કરવા પ્રયત્નો કરતા. પણ આ બધા વચ્ચે હું અડીખમ રહેતો. માંકડસાહેબ જેવા સચિવ અને અંબુભાઈ જેવા અધ્યક્ષ મારા સત્ત્વને પિછાણતા. એટલે તેમણે ક્યારેય આવા ખટપટી માણસોને ફાવવા દીધા નથી. આક્ષેપો થાય એટલે તપાસો પણ થાય. દરેક તપાસને અંતે હું વધુ ઉજ્જવળ બનીને એ સમાજની સામે ઊભો રહેતો.

- એક વાર લોકભારતીના એક મિત્રનો જ એક આક્ષેપ સહન કરવાનો આવ્યો. જિલ્લા શિક્ષણ અધિકારી તરીકે અમરેલી હતો. ત્યારે સરકારી હાઈસ્કૂલો માટે શિક્ષકોની ભરતી કરવામાં આવી. તેમાં રાજકોટના એક શિક્ષક પસંદ થયા. તે જ્ઞાતિએ પટેલ હતા. આથી મારા એક શિક્ષક મિત્રે લાંચરુશ્વત ખાતાને અરજી કરી પસંદ કરેલા શિક્ષક મેરિટ ધરાવતા નથી. લાગવગ ચાલી છે, પૈસા ખવાયા છે. તેવા આક્ષેપો થયા. મને લાંચરુશ્વત ખાતાની ઓફિસે બોલાવવામાં આવ્યો. તેમણે પૂરતી તપાસ કરી. સહેજ પણ શંકા લાગે તો મારા ઉપર કાર્યવાહી કરવાની મેં છૂટ આપી. તપાસને અંતે અરજી ફાઈલ થઈ. જે મિત્રે અરજી કરી હતી તેમણે એ અરજી પાછી ખેંચી લીધી હોય તેવું લાગ્યું. વડિયા અધ્યાપન મંદિરમાં અમે સહશિક્ષકો હતા. સંભવ છે, મારાથી તેઓ દુભાયા હોય. એ વેદના એમણે આ રીતે વસુલ કરી.

- જામનગરમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી હતો ત્યારે ત્યાંના એક હરિજન ધારાસભ્ય મારી પાછળ પડી ગયેલા. તેમણે સરકારમાં લખાણ કર્યું કે આ અધિકારી પ્રાથમિક શિક્ષકોની બદલીમાં લાંચ લે છે. હરિજન શિક્ષકોને અન્યાય કરે છે. તેમનાં પર પગલાં લેવાં અને તેમને બદલવા. આ રજૂઆતને કારણે મારી બદલી થઈ.

આ દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ જામનગર આવેલા. સાથે શ્રી દલસુખભાઈ ગોધાણી પણ હતા. તેમના કાર્યક્રમ વખતે અમારે હાજર રહેવાનું હતું. તે બંનેની રૂબરૂમાં આ બદલી અંગે વાતો થઈ. મારી રજૂઆત સાંભળીને મારી બદલી તરત જ બંધ રાખવામાં આવી.

મારી સામે અરજી કરનાર ધારાસભ્યનો છોકરો શિક્ષકો પાસેથી ઉઘરાણું કરી, બદલીમાં કમાણી કરવા માગતો હતો. જે શિક્ષકોના પૈસા એણે ભેગા કરેલા તે શિક્ષકોની બદલી માટે દબાણ લાવવા તે મને મળેલો. 'બધું નિયમ પ્રમાણે જ થશે.' એમ કહી મેં એને રવાના કરેલો. તે ધારાસભ્યનું આર્થિક હિત આ રીતે જોખમાયેલું. એટલે હું તેમને ખૂંચતો હતો. પણ મારી રજૂઆત પછી હું બદલાતાં બદલાતાં રહી ગયો.

- જામનગરમાં એક વાર મારા જ એક કર્મચારીએ સ્ટેશનરી ખરીદીમાં મેં રુશ્વત લીધી છે તેવી અરજી કરી. સ્ટેશનરી ખરીદી માટે અમે ટેન્ડરો મંગાવેલાં. આમાં એક વેપારી , જેનો ભાવ થોડો ઊંચો હતો, તેની પાસેથી અમે સ્ટેશનરી ખરીદી. દેખીતી રીતે તો આ ખરીદી નિયમ વિરૂદ્ધ જ લાગે. આ ખરીદીમાં મારી નીચેના એક કર્મચારીનું હિત ઘવાતું હશે. અથવા તો મારી કામ લેવાની પદ્ધતિથી નારાજ હશે. પણ મને સલવાડી દેવાનો આ ઉત્તમ મોકો છે એમ માની મારી વિરુદ્ધ પુરાવા સાથે અરજી કરી. મારી વિરુદ્ધની તપાસ ઉચ્ચ શિક્ષણ કમિશનરને સોંપવામાં આવી. મારો જવાબ લેવા માટે મને બોલાવ્યો. મેં કહ્યું : "માલની ગુણવત્તા ઊંચી હતી. એટલે જિલ્લા શિક્ષણ સમિતિએ થોડા ઊંચા ભાવ આપીને પણ માલ ખરીદવાનું નક્કી કરેલું. ફરિયાદ સાચી છે. પણ માલની ગુણવત્તાને ધ્યાનમાં રાખીને એ નિર્ણય કરેલો. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીને મારી રજૂઆતમાં વિશ્વાસ બેઠો અને આક્ષેપની અરજી ફાઈલ થઈ.

- ૧૯૯૦થી ૧૯૯૪ દરમિયાન હું નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામક હતો. તે વખતે જાણવા મળ્યું કે અમદાવાદમાં કેટલાંક કેન્દ્રોમાં ચોરી કરાવી, પૈસા લઈને પાસ કરાવવાનું કૌભાંડ ચાલતું હતું. આથી સરકારશ્રીએ મને આ પરીક્ષા કેન્દ્રો પર જવાનો આદેશ કર્યો. પરીક્ષા કેન્દ્રો પર જઈને ત્યાં ચાલતી ગેરરીતિઓ અટકાવી તથા શક્ય ત્યાં કાનૂની રાહે પગલાં લીધાં. આ કેન્દ્રોમાં ચાલતી ગેરરીતિઓને છાવરતા એક ડી.ઈ.ઓ. હતા. હું તેમની વિરુદ્ધ કામ કરું છું એવું તેમને લાગ્યું. તેઓ પછાત જ્ઞાતિના હતા. મને મહાત કરવા માટે તેમણે મારી સામે એસ્ટ્રોસીટી એક્ટ મુજબ કેસ દાખલ કર્યો (૯૩-૯૪). તેમની જ્ઞાતિને લગતું કાંઈ અપમાનજનક તો હું બોલ્યો નહોતો. તોયે તેમણે એ હથિયાર મારી

સામે ઉગામ્યું. પરીક્ષાની ગેરરીતિઓ બંધ થાય તે માટે તેમને પાલવતું નહોતું. એટલે મને પાછો પાડવા એમણે મારી સામે આવું પગલું ભર્યું. આખરે સત્યનો વિજય થયો. સાત વરસે મારી ઉપરનો કેસ ફાઈલ થયો!

- હું પરીક્ષાબોર્ડમાં નાયબ અધ્યક્ષ તરીકે મુકાયેલો . પરીક્ષાબોર્ડનો વહીવટ સરકારથી સાવ સ્વતંત્ર. કર્મચારી–અધિકારીઓના પગારો સરકાર દ્વારા ન થાય, પણ વિદ્યાર્થીઓની પરીક્ષા ફીમાંથી થાય. કર્મચારીઓ ઓવરટાઈમ બતાવીને વરસે ૧૮ લાખ રૂપિયા ઓળવી જતા હતા. કર્મચારીઓને ઓવરટાઈમ કરવો પડે એટલું બધું કામ બોર્ડમાં રહેતું નહોતું. બોર્ડની આટલી મોટી રકમ ખોટી રીતે વેડફાય છે એમ અમને લાગતું. એટલે મેં ચોકસાઈ શરૂ કરી. દરરોજ સવારે ૧૦-૩૦ પહેલાં ઓફિસે પહોંચી જતો. ૧૦-૩૦ કલાકે કોઈ કર્મચારીને હું ઓફિસમાં જોતો નહીં. સાંજના હું મોડો ઓફિસ છોડતો ત્યારે પણ કોઈ કર્મચારી કામ કરતો હોય તેવું નજરે પડતું નહિ. કોઈ ઓવરટાઈમ કામ કરતું નહિ. છતાં વરસે દહાડે ૧૮ લાખ રૂપિયા ઓવરટાઈમ પેટે લઈ લેવાતા. બોર્ડના ચેરમેન સાથે મળીને આ ઓવરટાઈમની પ્રથા બંધ કરાવી. પરીક્ષાબોર્ડને વરસે ૧૮ લાખની બચત થઈ. પણ કર્મચારીઓનો રોષ મારી સામે ભભૂકી ઊઠ્યો. મારી સામે આંદોલન થયું. મારી વિરુદ્ધ લખાણો થયાં. કર્મચારીઓએ મારાં છાજિયાં લીધાં. મારા નામના રાસડા લેવાણા. પણ હું મક્કમ રહ્યો. કર્મચારીઓને કે કોઈને મચક ન જ આપી. બોર્ડના ૧૮ લાખ રૂપિયા બચાવ્યા.

- **ઘર્ષણ**

હું જ્યારે શિક્ષણખાતામાં નાયબ શિક્ષણ નિયામક તરીકે કામ કરતો હતો ત્યારે શિક્ષકોની બદલીઓ માટે પ્રધાનશ્રીના કાર્યાલયમાંથી મને ડાયરેક્ટ સૂચનાઓ મળતી. આ સૂચનાઓ નિયમ પ્રમાણેની ન હોય એટલે આવી નિયમ વિરુદ્ધની બદલીઓ કરવી તે મારે માટે અશક્ય હતું. આથી આવી અરજીઓ હું જે તે જિલ્લામાં રવાના કરતો. અને તે અનુસંધાને જે તે જિલ્લા પાસેથી માહિતી મંગાવતો. આ સ્થળે બદલી માટે માગણીદારો કેટલા છે ? તેમાં સિનિયરો કેટલા છે ? શિક્ષક જે સ્થળે કામ કરે છે તે સ્થળેથી આ શિક્ષકની બદલી થાય તો કેટલી જગ્યા ખાલી પડે છે ? આ શિક્ષકની એની માગણી પ્રમાણેની બદલી કરવામાં આવે તો કયા નિયમનો ભંગ થાય છે ? આ પૂછાણ સબબ જે તે જિલ્લામાંથી અહેવાલ આવે તેને સચિવાલયમાં મોકલી આપતો. અને લખતો કે પ્રધાનશ્રીના કાર્યાલયની સૂચના મુજબ આ શિક્ષકની બદલી કરવામાં આવે તો આટલા આટલા નિયમોનો ભંગ થાય છે. આમ છતાં આ શિક્ષકની બદલી કરવી જ હોય તો લેખિત આદેશ આપવા વિનંતી. આ રીતે મારે સચિવાલય સામે પણ શિંગડાં ભરાવવાં પડતાં. મને લેખિત આદેશ આપવા કોઈ તૈયાર ન થતું. એટલે એક મોટી ગેરરીતિની પળોજણમાંથી હું બચી જતો. પછી તો આવી ગેરકાયદેસર બદલી માટેની સૂચનાઓ આવતી જ બંધ થઈ ગઈ. મારે ટાઢે પાણીએ ખસ ગઈ!

- પરીક્ષાબોર્ડમાં નાયબ અધ્યક્ષ હતો ત્યારની આ ઘટના છે. જૂનાગઢમાં એક વગદાર સાંસદનો પુત્ર ધોરણ ૧૨ની પરીક્ષામાં નાપાસ થયો. આથી તેઓ , તેમના પતિ અને મુખ્યમંત્રીશ્રીના પી.એ. મને મળવા આવ્યાં. મે કહ્યું : "આ પરિણામમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થઈ શકશે નહિ." મારા આ જવાબથી તેઓ નારાજ થયાં. એટલે તેમણે તેમના દીકરાને ફ્રેક્ચરનો દરદી બનાવી, ધોરાણ ૧૨માં ભણતી એક હોંશિયાર છોકરી પાસે પેપરો લખાવી , સારા ગુણે પાસ કરાવ્યો. આ કેસ અચાનક ચેરમેનશ્રીના હાથમાં આવ્યો. તેની તપાસ થઈ. "આ તો સાંસદનો દીકરો !" તપાસ માટે અધિકારીઓએ તથા સિવિલ સર્જને વિદ્યાર્થીના ફ્રેક્ચરના ફોટા ન આપ્યા. ફ્રેક્ચરનું સર્ટિફીકેટ પણ ન બતાવ્યું. પરિણામે અમે પરિણામ રદ ન કરી શક્યા. સમાજનાં મોટાં માથાં કેટલાં મોટાં ખોટાં કામો કરાવી શકે છે તેની પ્રતીતિ થઈ. પુરાવાના અભાવે અત્યંત લાચારીપૂર્વક આ ઘટના નિહાળવી પડી, તેનો કાયમનો વસવસો રહી ગયો ! આ ઘટના પછી તે સાંસદે મારી ઉપર આરોપનામું મૂક્યું - "ગોપાણી સારા છોકરાઓને મુશ્કેલીમાં મૂકે છે. લાંચરુશ્વત લે છે. તેને સસ્પેન્ડ કરવા. બદલવા." પણ આવા રાજકારણીઓને બધા ઓળખતા હોય છે. વગદાર સાંસદની રજૂઆત પર કોઈએ ધ્યાન ન આપ્યું.
- સામાન્ય સંજોગોમાં પ્રાથમિક શિક્ષકની બદલી માટે મને ફોન કરવાનું કે મળવાનું ટાળતા માનનીય શ્રી ચીમનભાઈ પટેલના સમયમાં શ્રી નરહરિભાઈ અમીન શિક્ષણમંત્રી બન્યા. એક વખત તેઓ સચિવાલયમાં મળ્યા ત્યારે એક મોટા ઉદ્યોગપતિના ગામના શિક્ષકોને બદલવા કહ્યું. મેં રિવાજ પ્રમાણે જોઈશું એમ કહ્યું. પણ નિયમ પ્રમાણે બદલી શક્ય નહોતી. એટલે મેં તેમનાં સૂચનનો અમલ ન કર્યો.

પછીથી એક મિટિંગમાં શ્રી નરહરિભાઈ, રાજ્યકક્ષાના એક મંત્રી તથા અન્ય અધિકારીઓ મળ્યા ત્યારે રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ મારી રૂબરૂમાં શ્રી નરહરિભાઈને ફરિયાદ કરી કે , "આ ગોપાણી ભલામણો સ્વીકારતા નથી." શિક્ષણમંત્રીશ્રીએ પૂછ્યું : "કોની ભલામણો ?" રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ કહ્યું કે "મારી ભલામણ તો સ્વીકારતા નથી, પણ 'બાપુ' કહે છે તેની પણ સ્વીકારતા નથી." તે વખતે શ્રી નરહરિભાઈ અમીને સરસ જવાબ આપેલો : "પ્રાથમિક શિક્ષકોની બદલીમાં કોઈએ પડવાનું નથી તેમ મા. શ્રી ચીમનભાઈએ કહ્યું છે." શ્રી નરહરિભાઈનો આ જવાબ ખરેખર નવાઈ પમાડે એવો હતો. પછી કોઈએ મને કોઈ પણ પ્રકારની ભલામણ કરી નહોતી.

- **જાહેર પરીક્ષા વખતની કામગીરી**

સરકારશ્રીએ મારી નિવૃત્તિ પછી પણ મને પરીક્ષાની કામગીરી સોંપેલી. ખાસ તો જાહેર પરીક્ષાના શુદ્ધિકરણની. ૨૦૦૨ની બોર્ડની પરીક્ષા વખતે મારા હાથ નીચે દક્ષિણ ઝોનની કામગીરી માટે પાંચ સ્ક્વોડ ફાળવવામાં આવેલી. આ સ્કવોડની મદદથી પરીક્ષા દરમિયાન ચાલતી ગેરરીતિઓ દૂર કરવા જુદાં જુદાં કેન્દ્રોની સતત મુલાકાતો લીધી. જ્યાં જ્યાં ગેરરીતિ માલૂમ પડી ત્યાં ત્યાં સ્થળ ઉપર જ

કાર્યવાહી કરી. ગેરરીતિ ડામવાના સઘન પ્રયાસો કર્યા. આ કારણે મારી સામે મોટો હોબાળો થયો. મારી વિરુદ્ધ ફરિયાદો થઈ: 'ગોપાણી વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપે છે. વિદ્યાર્થીઓ સાથે ઉધ્ધત વર્તન કરે છે.' 'વિદ્યાર્થીનીઓનાં પર્સ આંચકી લે છે. ' વગેરે દક્ષિણ ગુજરાતનાં વર્તમાનપત્રોમાં ટીકાઓ છપાવા લાગી. મને સ્કવોડના કામમાંથી મુક્ત કરવો જોઈએ તેવી માગણીઓ થવા લાગી. તેમાં શિક્ષકો , આચાર્યસંઘો, કેળવણીકારો તથા વાલીઓનો પણ સાથ હતો. છતાં સરકારશ્રીને મારા કામમાં અને મારી નિષ્ઠામાં વિશ્વાસ હતો. એટલે ભયંકર વિરોધવંટોળ પછી પણ મક્કમતાથી કામ કરવા દીધું.

- **વહીવટમાં સરળતા**

સરકારશ્રીને ક્યારેક શાળાઓઅંગે, શાળાઓની, ભૌતિક સુવિધા અંગે,શિક્ષકો અને બાળકો અંગે તાબડતોબ માહિતીની જરૂર પડતી. ખાસ તો ધારાસભામાં પ્રશ્નો પૂછાય ત્યારે સમગ્ર તંત્ર ઉપરતળે થઈ જતું. તાર, ટેલિફોન અને મુલાકાતોમાં લખલૂટ ખર્ચ થતો આ બધાંમાંથી બચવા મેં એક યોજના તૈયાર કરી. વસતી ગણતરીનાં પત્રકોના આધારે ક યું બાળક ક્યારે શાળાએ આવવા પાત્ર થશે , કઈ સાલમાં કેટલાં બાળકો પ્રવેશ મેળવશે , વગેરેનું તારણ કાઢી દરેક શાળામાં રાખવા રજિસ્ટર બનાવેલું એટલે બાળકો અંગેની માહિતીની જરૂર પડતી ત્યારે એ પત્રકોમાંથી આપીને ઘણોબધો વહીવટી ર્ખચ બચાવાતો. એ જ રીતે દરેક જિલ્લાની માહિતી પણ મળી રહેતી. મારે મન આ એક મોટી ઉપલબ્ધિ હતી.

- **ભરતીમાં પારદર્શકતા**

- શિક્ષકોની ભરતી એ સરકારશ્રી માટે માથાનો દુખાવો રહ્યો છે. આ કામમાં લેતીદેતીના અનેક કિસ્સા સંભળાતા. ખાસ તો શિક્ષકોને તેમની પસંદગી સ્થળે જવા માટે સારી એવી રકમ નૈવેદ્યરૂપે ધરવી પડતી. એટલે શિક્ષકોની ભરતીમાં ગેરરીતિને બિલકુલ અવકાશ જ ન રહે તેવી એક યોજના બનાવી. શિક્ષકને તેની સિનિયોરીટી તેમ જ ક્રમ પ્રમાણે જ પસંદગીનું સ્થળ મળે તેવું આયોજન ગોઠવ્યું. આ યોજના એવી પારદર્શી બનાવી કે નોકરી મેળવતો શિક્ષક તેને મળેલા સ્થળની યથાર્થતા જાણી શકતો. શિક્ષકને એ પણ પ્રતીતિ થતી કે ભરતીના કામમાં લાગવગને કે લેવડદેવડને બિલકુલ સ્થાન નથી. આજે પણ શિક્ષકોની બદલી કૅમ્પ દ્વારા થોડા નિયમોના ફેરફાર સાથે આ યોજના મુજબ જ થાય છે, તેનો સંતોષ છે.

- **પરીક્ષા સુધારણા અને પરીક્ષાશુદ્ધિ અભિયાન**

બોર્ડની પરીક્ષાનાં પ્રશ્નપત્રો તૈયાર કરનારા પ્રાશ્નિકો જે પ્રશ્નો તૈયાર કરતા તેમાં દરેક પ્રશ્નના અલગ અલગ ગુણ રાખતા. દરેક પ્રશ્નના અલગ અલગ ગુણ હોવાને કારણે પરીક્ષકો દ્વારા બાળકોને અન્યાય થતો. ક્યારેક ૧૭ ગુણનો પ્રશ્ન હોય અને બાળકોને ૧૯ મળી જાય. ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં

૧૦૨ ગુણ પણ મળી જાય. આવી વિસંગતિ દૂર કરવા દરેક પ્રશ્નના સરખા ગુણ રાખવાનું ગોઠવ્યું. આથી બાળકોને ગુણ પ્રાપ્તિમાં થતો અન્યાય અટક્યો.

પ્રશ્નપત્ર તપાસવાની રીતમાં પણ ફેરફાર કર્યો. એક જ વિદ્યાર્થીની ઉત્તરવહી પાંચ શિક્ષકો તપાસે તેમ ગોઠવ્યું. એક શિક્ષક બધાં બાળકોનો પહેલો પ્રશ્ન જ તપાસે. બીજો શિક્ષક બધાં બાળકોનો બીજો પ્રશ્ન જ તપાસે. આ રીતે પાંચ શિક્ષકો પાંચ અલગ અલગ પ્રશ્નો તપાસે. એટલે દરેક શિક્ષકને એક જ પ્રશ્ન તપાસવાનો રહેતો. આથી તેઓને વિદ્યાર્થીઓના પ્રશ્નોની તુલના કરવામાં અને યોગ્ય મૂલ્યાંકન કરવામાં સરળતા રહેતી. એક કરતાં વધારે પરીક્ષકો હોવાને કારણે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન વધુ વિશ્વસનીય બનાવી શકાયું.

પ્રશ્નપત્ર તૈયાર કરવાની રીતમાં પણ ફેરફાર કર્યો. એક પરીક્ષક એક જ વિષયનું પ્રશ્નપત્ર તૈયાર કરે તેમાં પ્રશ્નપત્ર ફૂટી જવાની સંભાવના રહેતી . તેથી એક પરીક્ષક તેને સોંપેલા વિષયના ત્રણ પ્રશ્નપત્રો તૈયાર કરે તેવા ત્રણ શિક્ષકો પ્રશ્નો કાઢે તેવી યોજના બનાવી. આ પ્રશ્નપત્રોમાંથી જે તે વર્ષે કોઈ એક જ પ્રશ્નપત્ર પૂછાતું. આને કારણે પ્રાશ્નિકો પણ ક્યું પ્રશ્નપત્ર પૂછાશે તેનું અનુમાન કરી શક્તા નહોતા. આને કારણે પ્રશ્નપત્ર ફૂટી જવાની સંભાવના ઘટી.

વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહે તે પછી તેમની ઉત્તરવહી પરના સીટનંબરો ઢાંકી દેવાની અને તેની જગ્યાએ ડમી નંબરો આપવાની પદ્ધતિ શરૂ કરાવી. આને કારણે કોની ઉત્તરવહી , કયા પરીક્ષક પાસે ગઈ છે, તેની કોઈ માહિતી શિક્ષક્ને કે વાલીઓને મળતી બંધ થઈ. વિદ્યાર્થીના માર્ક વધારવા માટે થતી દોડધામ બંધ થઈ.

વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવા કેન્દ્રિય વ્યવસ્થા ગોઠવી. એક વિષયની ઉત્તરવહીઓ કોઈ એક વિશ્વસનીય સ્થળે લઈ જઈ , પરીક્ષકોને તે સ્થળે બોલાવી , ઉત્તરવહીઓ તપાસાય તેમ ગોઠવ્યું. આવી વ્યવસ્થાને કારણે તપાસણીના કામમાં ઝડપ આવી. તથા માર્ક સુધારવાના હેતુથી દોડતા મુલાકાતીઓ માટે દ્વાર બંધ થયાં.

દર વર્ષે ઑકટોબર માસમાં જે પરીક્ષા લેવાતી તે દૂર કરવાનો ક્રાન્તિકારી ફેરફાર કર્યો. માર્ચમાં લેવાતી પરીક્ષામાં જે વિદ્યાર્થી એક જ વિષયમાં નાપાસ થયો હોય તે ફરી જુલાઈમાં પરીક્ષા આપી શકે તેવું ગોઠવ્યું. પરીક્ષાનું પરિણામ તરત મળી જાય તેવું પણ ગોઠવ્યું. જેથી વિદ્યાર્થી પાસ થાય તો અભ્યાસવર્ષમાં અભ્યાસ ચાલુ રાખી શકતા થયા. વર્ષ બગડતું અટક્યું. ઑકટોબરમાં લેવાતી પરીક્ષાને કારણે સમય-નાણાંનો થતો બગાડ અટક્યો.

- **માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીની પ્રક્રિયામાં યોગદાન**

માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી ગુણવત્તાને ધોરણે જ થાય તેવો શિક્ષણબોર્ડનો આગ્રહ રહ્યો છે. શિક્ષકોની ભરતી અંગેનાં ધોરણો પણ સરકારે નક્કી કરેલાં છે. આની સામે સંચાલક મંડળોનો

એવો આગ્રહ હતો કે માત્ર ગુણવત્તા નહિ , જે પ્રકારનો શિક્ષક જોઈએ તે મળી રહે , તે માટે દશ ગુણ ઉમેરવાની અમને સત્તા આપો.

સંચાલક મંડળને જો આવી સત્તા આપવામાં આવે તો લાયક શિક્ષકોને અન્યાય થાય તેમ હતું. સંચાલક મંડળ ગેરરીતિ આચરી પોતાની પસંદગીના જ શિક્ષકોની ભરતી કરે તેવી દહેશત પણ હતી. ભરતી અંગેની સંચાલક મંડળની બેઠકમાં અધ્યક્ષશ્રીએ તેમના પ્રતિનિધિ તરીકે મને મોકલેલો. મારે બન્ને પક્ષને ન્યાય મળે તે જોવાનું હતું. બેઠક સવારના બારથી તે રાતના બાર સુધી ચાલી. શિક્ષકોની ભરતીમાં ગુણવત્તા પણ જોવાય અને સંચાલક મંડળનો અવાજ પણ સંભળાય તે બંને બાબતોને ધ્યાનમાં રાખીને ત્રણ માર્કની સત્તા સંચાલક મંડળને મળે તેવું નક્કી કરાવ્યું. જેને બધાએ માન્ય રાખ્યું. એક શકવર્તી કામ થયું.

## આમીન

૧૯૯૮માં મારાં ૫૮ વર્ષ પૂરાં થતાં હતાં. એટલે એ મારું નિવૃત્તિનું વર્ષ હતું. પણ સરકારે મારી કામગીરીની કદર કરી એક વર્ષનું એક્સ્ટેન્શન આપ્યું. એક વર્ષ વધુ શિક્ષણ જગતની સેવા કરવાની તક મળી. નિવૃત્તિ પછી પણ બોર્ડ દ્વારા મને પરીક્ષાની કામગીરી સોંપાતી હતી. એ રીતે ૨૦૦૨ સુધી મેં કામગીરી કરી. જેને હું મારા જીવનનું પરમ સદ્‌ભાગ્ય સમજું છું.

મારી કામગીરીનાં વરસો દરમિયાન સમગ્ર વહીવટી પ્રક્રિયામાં મને મારા અનેક સહકાર્યકરોનો તેમ જ અધિકારીઓનો સુંદર સહયોગ મળ્યા કર્યો છે. તેમને પણ હું કેમ ભૂલી શકું ? શ્રી એ. આઈ. વહોરા, ડૉ. અંબુભાઈ પટેલ , શ્રી વરેશ સિંહા (આઈ. એ. એસ) , શ્રી રીતાબહેન તેવટિયા (આઈ. એ. એસ), શ્રી જી.ડી.વ્યાસ (આઈ.એ.એસ) , શ્રી વિરાર વહોરા , શ્રી જે.ડી.વ્યાસ, શ્રી અરુણકુમાર સુતરિયા (આઈ.એ.એસ), શ્રી પી.વી.પટેલ , શ્રી આર.સી.રાવલ વગેરે અધિકારીઓને ભૂલી શકું તેમ નથી. વહીવટીક્ષેત્રે હું જે કાંઈ કરી શકયો તેમાં એ સૌએ ખૂબ હૂંફ આપેલી. જીવનની આ સફરમાં તેમનો પણ આભાર માની કૃતકૃત્યતા અનુભવું છું.

જુગતરામ કાકાની પંક્તિઓ યાદ આવે છેઃ

અનુભવ જીવનનું નવનીત,
અમસ્તું નહિ મળે રે.
જે મથશે તેને મળશે,
અનુભવ જીવનનું નવનીત
અમસ્તું નહિ મળે રે...

*******************************